tom, that, when the heir of a throne was born, the whole house of the king used to celebrate the day, but then, when he had become king himself, the anniversary of his birthday was celebrated by solemn offers and festivities of all sorts throughout Asia. In later times also, when by the valour of Artaxerxes the Persian empire was restored, this custom was not neglected, and the birthdays of the Greek kings in Asia after the death of Alexander were celebrated by sacrifices in their district of government. The heads of the state and founders of public welfare were thus honoured in ancient times already by the celebration of the anniversary of their birthday. And this pious custom has continued unchanged until the present time, and we follow it by publicly celebrating the birthday of a beloved prince, and by directing to his genius our best wishes and prayers.

---

then the ruler, all those in the (palace) of the king over whom he rules, have a feast, and subsequently at another period the whole of Asia makes a sacrifice and feast, on the birth-day of the king."

આર્ય જમાનો અને તેની હાલત, પેગમબર જરથોશ્ત, કદીમ ઇરાનમાં ફ્રવષિઓની આરાધના અને અહુનવઇર્યના અર્થ.

આ નામના

ચાર રેસાલા.

લખનાર,

પ્રોફેસરો સ્પીગલ, વિલ્હેમ અને હાર્લે.

મુંબઇ:

મુંબઇ સમાચાર છાપખાનામાં

માણેકજી બરજોરજી મીનોચેહર હોમજીનાએ

છાપ્યું છે.

સને ૧૮૮૮.

આર્ય જમાનો અને તેની હાલત, પેગમબર જરથોશ્ત, કદીમ ઇરાનમાં ઋષિઓની આરાધના અને અહુનવઇર્યના અર્થ.

આ નામના
ચાર રેસાલા.

લખનાર,
પ્રોફેસરો સ્પીગલ, વિલ્હેમ અને હાર્લે.

મુંબઇ:
મુંબઇ સમાચાર છાપખાનામાં
માણેકજી બરજોરજી મીનોચેહર હોમજીનાએ
છાપ્યું છે.

સને ૧૮૮૮.
San 1888

ખુલાસો.

આ ચોપાન્યાંમાં જુદા જુદા ચાર વિષયો, અવસતા ભાષાના ત્રણ ચુનંદા વિદ્વાનો ડાકટરો શ્પીગલ, વિલહેમ અને હાર્લેએ લખેલા પ્રગટ કર્યા છે. ત્રણે પારસીઓમાં તેમનાં લખાણો અને કામોથી વધતા ઓછા જાણીતા છે, એટલે તેમની વધારે ઓલખ તેમના સાથ કરાવવાની જરૂર નથી. તેમની કાબેલ્યત તેમના વિષયોમાં જણાતાં ભંડોલ ઊપરથી પોતાની મેલે દીસેછે. "મુંબઇ સમાચાર" પત્ર માટે તે ખાસ લખાયા હતા, અને આ ચોપાન્યામાં તે બાહાર પાડવાની મતલબ લોકોમાં તેનો જેમ વધુ ફેલાવો કરવાની તેમ તેને આ આકારમાં જાલવી રાખવાની પણ છે.

આ ચોપાન્યું પ્રગટ કરવા માટે સર જમશેદજી જીજીભાઇ ત્રાન્સલેશન ફંડના ત્રસ્તી સાહેબોએ આપેલી મદદ માટે તેમનો આભાર માનવામાં આવેછે.

સાંકળીઉં.

	લખનાર.	પાનું.
આર્ય જમાનો અને તેની હાલત.	ડા૦ વિલ્હેમ.	૧- ૧૪
જરથોશ્ત પોતેજ ધર્મ સ્થાપક અથવા પેગમ્બર હતો ..	ડા૦ સ્પીગલ.	૧૫- ૪૨
કદીમ ઈરાનમાં ઋષિઓની આરાધાના	ડા૦ વિલ્હેમ.	૪૩- ૩૮
અહુનવઈર્યના અર્થ	ડા૦ હોર્લે.	૮૫-૧૧૨

"આર્ય જમાનો અને તેની હાલત," એવે નામનું ડાકટર શપીગલનું પુસ્તક–હીંદુઓ તથા ઇરાનીઓ વચ્ચે મળતાપણું.

આ બીના હાલ સામાનય રીતે સવી કારવામાં આવે છે કે, સઘલી તવારીખની આગમચ, એક ચોકસ કોમ હૈયાતી ધરાવતી હતી, અને હીંદુઓ, ઇરાનીઓ, રોમનો, લીથુએન્યનો, સ્લાવો તથા કેલ્તો તેના વંશજો છે. જુદી જુદી આ કોમોને ઘણીજ બારીકીથી તેમનાં નામો મારફતે એક બીજી સાથે જોડવા અરથે, તેમને ઇન્દો–યુરોપીયનો, ઇન્દો–જરમનો અથવા ઇન્દો–કેલ્તોના નામથી ઓળખવામાં આવે છે. જો કે આ શરૂઆતના લોકોના જમાના સુધીનુ તવારીખને લગતું એક પણ મુળ આપણને મલતું નથી, તોપણ ભાષાશાસ્ત્રની મદદથી તે જમાનાની હાલત ઊપરાંત ઘણું વધારે એક જ નજરે જોઈ લેવાને બની શકે છે; અને

તે ઊપરથી ખુલલું દીસે છે કે, પ્રાચીન કાળના આ લોકો જે જ્ઞાન ધરાવતા હતા, તે કાંઇ નીરજીવ હતું નહીં. પણ તેમનાં રેહેથાનની જગા તેમજ જુદી જુદી કોમો કેવા અનુક્રમે તેમનામાંથી બની અને ઉતપન થઈ, તેને લગતા સવાલો આજના દીવસ સુધી શક ભરયા રહયા છે. એકજ બીના તદન ખુલી માલમ પડે છે, અને તે આ છે કે, બીજી કોમો તેમનાથી છુટી પડયા પછી લગાર લાંબો વખત સુધી હીંદુઓ તથા ઈરાનીઓ સાથે રહયા હતા, અને પોતાની હાલતમાં સુધારો કરતા ગયા હતા. તેમના સામાન્ય વધારાનો આ વખત, જે સઘલી ઇન્દો-જરમન પ્રજાઓ સાથે વસતી હતી તેની પાછળનો, પણ હીંદુઓ તથા ઈરાનીઓ બે જુદી જુદી કોમોમાં વેંહેંચાઇ ગયા તેની આગમચનો છે. તેને **આર્ય જમાનાનાં** નામથી ઓલખવામાં આવે છે, કારણ કે તે વખતે તે બંને પ્રજાઓ પોતપોતાને " આર્ય લોકો " એવાં નામથી ઓળખાવતી હતી. હવે સવાલ આ છે કે, આ આર્ય લોકો બીજી ઈન્દો-યુરોપયન પ્રજાઓથી જુદા

પડ્યા, તે વેળાએ તેઓ શું જ્ઞાન ધરાવતા હતા; અને તેઓ બંને છુટા પડ્યા તે આ ગમચ તેઓએ સામાન્ય જ્ઞાન કેવી પ્રકારનું મેલવયું હતું ? ઉગ્મન તરફની ભાષાઓના નામાંકોત વીદવાન પ્રોફેસર ફરેદરીક શપીગલે આ બંને સવાલોનો જવાબ, "આર્ય જમાનો અને તેની હાલત, લીપઝીગ ૧૮૮૭" એ નામની પોતાની હમણાજ પ્રગટ કરેલી વીદવતાભરી અને જાણવાજોગ ચોપડીમાં આપવાને માથે લીધું છે, અને તે કામ તેણે ઘણીજ સારી રીતે પાર ઊતાર્યું છે. કરતાએ તે માટે જુદી જુદી જાતનાં જ્ઞાનની છુટી તપાસ લેઈ તે બાબતમાં બંને પ્રજાઓનો સામાન્ય સંબંધ કેવો હતો, તે બતાવયું છે. જુઓ "રૂતુઓ–દરયા, નદીઓ તથા પાહાડોનાં નામો–આકાશી મુલકો–કુદરતી પદારથોનાં નામો–જીંદગી ગુજારવાની રીત–સંસારી હાલતો–વીદયા હુંનરને લગતા સામાન્ય વીચારો" વિષેનાં પ્રકરણો. દરેક ઠેકાણે જ્ઞાનનો શરૂઆતનો આકાર તે વખતે હૈયાતી ધરાવી ચુકેલો હતો, અને તેથી આપણા આ અનુભવો ભોમયાની મદદથી,

પ્રાચીન કાળના જે લોકો આપણી હાલની એ
ક બીજા સાથે સગાઇ ધરાવતી ભાષાઓને
જનમ આપનારી, શરૂઆતની અસલી ઇન્દો-
યુરોપયન ભાષા બોલતા હતા, તેમની જીંદગી
અને રેવાજેને છાપ આપણાં મન ઉપર પા
ડવાને આપણે શકતીવાન થઇએ છીયે. બીજા
હાથ ઊપર દરેક ઠેકાણે સંખયાબંધ એવા વી
ચારો જોઇએ છીયે, કે જે બીજી ઇનદો-યુરો
પયન અથવા, લાસેન અને લેગારડેની નકલ
કરી શ્પીગલ કહે છે તેમ, ઇન્દો-કેલતીક પ્ર
જાઓ ધરાવતી નથી, અને તેટલા માટે તે
વીચારો **આર્ય જમાનામાંજ** ઊતપન થય
લા હોવા જોઇએ. આર્ય પ્રજાઓને જોડે જો
ડ ચાલેલો વેહેવાર, ભુગોળ વીદયાને લગતાં
પ્રકરણ ઊપરથી ઘણીજ પુરતી અને ખુલી
રીતે માલમ પડી આવે છે; નદીઓ તથા મુ
લકોનાં કેટલાંક નામો, આર્ય લોકો માટે સા
માનય છે. દાખલા તરીકે હીંદુઓની सरस्वति
નદીનું નામ, અસલી ઇરાનીઓની "હરઊ
વતિશ" અથવા "હરખઇતિ" નદી સાથે ત
દન મલતું આવે છે, જે નદી પ્રાચીન કાળની
તવારીખમાં "અરાકોટસ" (*arachotus*) નાં

નામથી ઓલખાતી હતી, તથા જેને વચલા જમાનામાંપણ "અરેખશ"(ارخش)નાં નામથી ઓળખવામાં આવતી હતી. એજ પ્રમાણે હીંદુઓની "रसा" નદી, અવસ્તાના જુદા જુદા ફકરાઓ (વંદીદાદ ફરગરદ ૧લી, ફકરો ૭૭; યશ્ત ૫મી, ફ. ૬૩; ૧૨મી, ફ. ૧૮; ૧૪મી, ફ. ૨૯; ૧૫મી, ફ. ૨૭)માં જણાવેલી ઊતર તરફ આવેલી "રંહા" નદી સાથે બંધ બેસે છે. આ ઊપરાંત હીંદુઓની सिन्धु નદીનુ નામ, ઇરાનીઓની "હિંદુ" અથવા "હેંદુ" માં મલે છે; એટલુંજ નહીં, પણ ભુગોળ વીદયામાં વપરાતું "सप्त सिंधव" નામ ઇરાનીઓના "હપ્ત હેંદુ" સાથે તદન બંધ બેસે છે. બંને આર્ય પ્રજાઓ "કુરૂ" તેમજ "કમ્બોજ," "ગંધાર," "પાર્થવ" લોકોને માટે સામાન્ય નામો ધરાવે છે.

હવે આપણે ભુગોળ વીદયા છોડી ધર્મશાસ્ત્ર ભણી ફરયે તો, હીંદુઓ અને ઇરાનીઓ બે જુદી પ્રજાઓ તરીકે છુટા પડયા, તેની આગમચ તેઓ સાથે રહી પોતાનાં જ્ઞાનમાં વધારો કરયા જતા હતા, તેની સાબેતી માંથી મળે છે. અસલી ઇરાનીઓ સુર્ય

અને ચંદ્ર તથા આકાશની પુંજા કરતા હતા; હીંદુઓની દંત કથાઓમાં પણ, આપણે એ જ દેવતાઓ જોઈએ છીયે. પણ આતશ અને પાણી, હવા અને જમીન તથા આકાશની પુંજા કરવાનો રેવાજ, છેક ઇન્દો–કેલતીક જમાનાથીઉતરતો આવેલોછે; તમામ ઈન્દો–કેલતીક પ્રજાઓમાં તે સામાન્ય છે. "ऋत" અને "અર્ત" શબ્દોમાં વ્યવસ્થાનો જે વિચાર સમાયલો છે, તે આર્ય જમાનાનો છે, એમ અમારે બતાવવું જોઇએ. આ ઊપરાંત બંને પ્રજાઓમાં સામાનય પુંજા "सोम" અથવા "હઓમ" ને લગતો છે; અને તેને આર્ય લોકો પ્રથમ સાથે રહેતા હતા, તેની મુખ્ય જુખાની તરીકે વાજબી રીતે લેખવામાં આવેછે, કારણ કે બંને પ્રજાઓમાં તે એકજ મૂળથી ઊતપંન થઇછે, એમાં કશો શક નથી. તે છતાં सोम નો ક્રિયા અસલ આર્ય લોકોનીજ હતી કે નહીં, તે સવાલની હજી તપાસ થવી ઘટેછે. વળી હીંદુઓ તથા ઇરાનીઓમાં નીચે જણાવેલા દેવતાઓના નામો સામાન્ય છે:–मित्र અને મિથ્ર, सूर्य અને હ્વરે अपाम्नपात् અને અપામનપાદ,

इन्द्र અને ઈન્દ્ર (જુઓ વંદીદાદ ફરગરદ ૧૦ મી, ફકરો ૧૭; ૧૯ મી ફકરો ૧૪૦ મો; અને કોઈવાર તેને લગાડવામાં આવતાં વિશેષણો वृत्रहन् અને વેરેથ્રજન અથવા વેરેથ્રધ્ન), अरमति અને આર્મઈતિ, सर्वताति અને હઊર્વતાદ અથવા હઉર્વાદ, उपरतात અને ઉપરતાદ, नासत्य અને નાઓંહઇથ્ય पुरंधि અને પારેન્દિ, नरासंश અને નઈર્યો સંહ, गंधर्व અને ગન્દરેવ, द्रुह અને દ્રુજ, शरु અને સઉરુ. યાતુઓ (જાદુગરો) ઘણાજ દુષ્ટ લોકો ગણાયછે, અને બંને આર્ય પ્રજાઓમાં તેઓ એકજ નામથી ઓળખાય છે. ઊપર જણાવેલાં દેવતાઓનાં સઘલાં નામો જુબાની આપે છે કે, આર્ય લોકો હજી ઘણા દેવતાઓની પુંજા કરતા હતા.

સ્પીગલ પાને ૩૧૫–૩૧૬મે બતાવેછે તેમ, "તેમની ધર્મ ક્રિયાના સંબંધમાં વપરાતા શબ્દો ઊપર ખાસ ધયાન અપાવું જોઈએ છે. તે ઊપરથી કાંઇ પણ શક વીના સાબેત થાય છે કે, આર્ય ટોળાના લોકો માત્ર ધર્મ સંબંધી વીચારો બાંધીનેજ બેસી રહયા ન હતા, પણ તેઓએ અતયારમાંજ કેટલુંક ધ

મંશાસ્ત્ર ઉભું કરયું હતું. પ્રથમમાં અમે ધ
ર્મ ગુરૂઓના અગતનાં નામો अथर्वण અથવા
[illegible] (આથ્રવન) જણાવીએ છી
યે, કે જે બંને નામો ઘણું કરી જાદુઈ
મંત્રો સાથે સંબંધ ધરાવતાં હતાં; અને અ
હીં આપણે અવસ્તાનાં જાદુઇ મંત્રોનું સુમી
યેન લોકોનાં મંત્રો સાથનું મલતાપણું ભુલી
જવું જોઇતું નથી. मंत्र અથવા [illegible]
(માંથ્ર) નામનો અરથ ઇન્દો-કેલ્તીક જમા
ના બાદ થોડાજ વખત પછી, પ્રથમમાં આ
વી જાતનાં મંત્રનો થતો હશે, એમ ગ્રીક શ
બ્દ *mántis* ઉપરથી માલમ પડે છે. ધરમ
શાસ્ત્રનો બાબતમાં આર્ય લોકો વચેનો નીક
ત સંબંધ, જાહેર કીરયાઓને લગતા શબ્દો
ઉપરથી મળે છે: यज्ञ અથવા [illegible] (યજ)
એટલે ભેટો અરપણ કરવી, संस्कृ અથવા
[illegible] (હંકાર) એટલે ભેટો આપ
વા માટેની ક્રીયાની તૈયારી કરવી, स्तु અથવા
[illegible] (સ્તુ) એટલે વખાણ ગાવી, निविद्
અથવા [illegible] (નિવિદ), आविद् અથવા
[illegible] (આવિદ) એટલે જાહેર કરવું, શ
બ્દો બંને આર્ય ભાષાઓમાંથી મળે છે.

सूक्त એટલે કીર્તન શબ્દ અવસ્તામાં -𐬵𐬏 𐬑𐬙𐬀 (હુખ્ત) શબ્દ સાથે મળે છે, પણ પાછળાએ પોતાનો અસલ અરથ (સારૂં બો લાયલું) જાલવી રાખ્યો છે. इध्म અને 𐬀𐬉𐬯𐬨𐬀 (અએસ્મ) આ બંને એકમલતા શબ્દોનો અરથ કીરયામાં વપરાતાં લાકડાનો થાય છે. होतर् અથવા 𐬰𐬀𐬊𐬙𐬀𐬭 (જ઼ઓતર) એટલે કીરયા કરનાર ધરમગુરૂના નામ વચેના મલતાપણા ઊપર ધયાન ખેંચવાની જરૂર છે, પણ તેજ વખતે આ બીના પણ ધયાનમાં લેવી જોઇયે છે કે, ધરમગુરૂઓના બીજા નામો વચે તફાવત છે. વળી ભેટો અરપણ કરવાને લગતા શબ્દોનાં નામોમાં મલતાપણું જોવામાં આવે છે : દાખલા ત રીકે, होत्र અથવા 𐬰𐬀𐬊𐬚𐬭𐬀 (જ઼ઓથ્ર), જે માટે " ઊભરો આવવો " મૂળ અરથ ગણવો જોઇએ; એજ પ્રમાણે राति અથવા 𐬭𐬁𐬌𐬙𐬌 (રાઇતિ) એટલે બક્ષેસ, प्रभृति અથવા 𐬟𐬭𐬀𐬠𐬆𐬭𐬆𐬙𐬌 (ફ્રબૅરૅતિ) એટલે કીરયાને લગતી ભેટો વચે મલતાપણું છે. હીંદુઓ નો आग्नी શબ્દ ઇરાનીઓના 𐬁𐬙𐬭𐬌 (આત્રિ) શબ્દમાં પાછો દેખાવ આપે છે ,

પણ છેલા જણાવેલા શબ્દમાં કીરયાનો અર થ સમાતો નથી; તેનો અરથ કીરતન, આશી રવાદ થાય છે. आहुति અને [illegible] (આઝુઈતિ) શબ્દો એકમલતા છે, અને આગલા વખતમાં તેઓનો અરથ પણ એ કજ થતો હશે. સેવટે લગભગ સંબંધ ધ રાવતા अस्तु श्रौषट् અને [illegible] (સ્રઓષો અસ્તુ) શબ્દો, અત્રે ટાંકી શકા શે. सहिता અને [illegible] (હંદાતિ) શબ્દોની સરખી બનાવત અને અરથ દે ખાડવા જોઇએ, પણ બંનેનો બાહારનો આ કાર મોટો તફાવત બતાવેછે. આ મલતાપણા ઉપરાંત જે તફાવતો જોવામાં આવેછે, તે ભુ લી જવા જોઇતા નથી. वेदी, અને युवस् શબ્ દો જે ભોગ આપવાની ક્રીયા કરવાની જગાનાં નામો છે, તે ઇરાનીઓમાં જોવામાં આવતાં નથી. એજ પ્રમાણે હીદુઓના बर्हिस् (કીર યામાં વપરાતું ઘાસ), घृत, हविस्, सर्विस અને आज्य (એટલે કીરયામાં અર્પન કરવા માટેનું ઘી) શબ્દો, તથા અનાજ અને ઠાલીઓ ભેટ આપયાની કીરયા प्रयाजस તથા अनुयाजस તેમજ वषट् જેવાં મંત્ર ઈરાનીઓમાં નથી.

કીરયામાં વપરાતાં વાસણો પણ એક સરખાં નથી.હઓમની કીરયા પણ હીંદુઓની સોમની કીરયાથી જુદી છે, ઇરાનીઓમાં હોમની કોર યામાં માંસ વપરાયછે, તયારે સોમની કીરયામાં દુધ વ્પરાયછે."

આર્ય લોકોનો પ્રાચીન જમાનો જાણવા માટે ધર્મશાસ્ત્રમાંથી જે પુરાવા મળે છે, તે કરતાં પેહેલવાની દાસ્તાનો અને કથાઓ ઓછી અગતની નથી; તે દાસ્તાનો અને કથાઓ બંને પ્રજાઓમાં સામાનય હતાં, એમ પુરવાર કરી શકાશે. આર્ય પ્રજાઓની દંતકથાઓને લગતી વારતાઓની સરખામણી કરતાં ખાતરી થવા વીના રહેતો નથી કે, તેમાં આવતા કેટલાક પેહેલવાનો–દાખલા તરીકે દહાક, ત્રિત અને મનુ ઇન્દો કેલતોક જમાનાના છે; પણ તે છતાં ઘણાક પેહેલવાનોનાં નામો માત્ર આર્ય જમાનાના છે, જેઓમાં મુખ્ય यम અથવા યિમ; અને તેના બાપ विवस्वत અથવા વિવંહાઓ છે. એજ પ્રમાણે कृशस्व અને કૅરસાસ્પ, ऋक्ष અને ઍરૅક્ષ, काव्य उसनस, અને કવઉસ, सुश्रवस અને હુસ્રવંહ, તથા કુરૂ બચો

ત કરી આર્ય જમાનાના છે, જો કે તેઓ વચે મલતાપણું થોડુંજ છે, અને આર્ય લોકની સરવેથી પુરાતમ ચોપડીઓમાં તેમને વીષે આવેલાં વર્ણનોમાં મોટો તફાવત છે.

સેવટે અમારે આ પણ જણાવવાને ચુકવું જોઇતું નથી કે, દુનયાની ઉતપતી વીષેનાવીચારોમાં, બંને પ્રજાઓની કેહેવાતી સૃષ્ટી વીદયામાં પણ કદાચ મલતાપણું શોધી શકાશે.

બંને આર્ય પ્રજાઓ વચેનાં આ અગણીત મલતાપણાને, તેઓ વચેના તફાવતોને વીસારી મેલવા વગર, ધયાનમાં લેવાથી, આપણે એવા સાર ઉપર આવયે છીયે કે, એકવાર તેઓ બંને દેખીતીરીતે એકજ પ્રજા તરીકે રહેતી હતી, અને ચોકસ મુદ્દત સુધી તેઓએ સાથેજ રહીને પોતાનું જ્ઞાન વધારયું હતું. તેમના જુદા પડવાનો વખત વેદીક જમાનામાં નહીં પણ તેની આગમચના જમાનામાં (તો જો કે ઘણી આગમચનો નહીં) શપીગલ મેલેછે. બીજી બાબતોમાં તે તદન મલતો થાયછે કે, વખતની બાબતમાં વેદીક લખાણ ઈરા

ણી લખાણ કરતા વધારે જુનું છે; પણ તે ઉપરથી એમ ઠરતું નથી કે, તે લખાણ અસલ આર્ય લખાણ છે, ઉલટું તે ઘણું પુરાતમ છતાં ઘણી બાબતમાં માત્ર હીંદુ વીચારોથી લખાયલું છે. વળી ઇરાનીઓએ પોતાનાં જ્ઞાનનો ઘણો ભાગ હીંદુઓ પાસે મેળવયો હોય, તે સામે સ્પીગલ શક બતાવતો નથી; પણ તે વાજબી રીતે દેખાડી આપેછે કે, તે ઊપરથી એવું અનુમાન કાહડવાને આપણને મુદલ સતા નથી કે, ઈરાનીઓનો તમામ સુધારો વેદીક શાસ્ત્રમાંથી ઉપજાવવામાં આવયો હતો. "બંને પ્રજાઓની અરસપરસની હાલત ગ્રીકો તથા રોમનોને મલતી હશે. ઈરાનની તમામ ઊતર સરહદના લોકોને હીંદુસતાન સાથે વેહેવાર ચલાવવાનું કામ સેહેલું હતું, અને હીંદુઓ સાથે સમાગમમાં આવવા માટે સીંધુ નદી સુધી જવાની તેમને જરૂર ન હતી, કારણ કે પ્રાચીનકાળમાં આખું કાબુલીસ્તાન હીંદુઓનું હતું. બંને પ્રજાઓના ધર્મગુરૂઓનો ઘણો ખરો ભાગ એક ઠેકાણે ઠરીઠામ થઇ રહેનારો ન હતો, પણ ગુજરાન મેળવવા માટે

અહીંથી તહીં તેઓ ભટકતા હતા, અને તે રીતે જ્ઞાનનો ફેલાવો થઇ શકતો. બીજા હાથ ઉપર તેઓ વચે જે તફાવત હતા, તેમાં ઘણું કરીને રૂતુના તફાવતની મદદથી આસતે અસતે વધારો થયો હતો." (જુઓ સ્પીગલ પાનું ૩૧૭–૧૮).

ગમે તેમ હોય, પણ સ્પીગલ પાને ૩૧૮ મે કહે છે તેમ, આપણે ભુલવું જોઇતું નથી કે, સઘલો આર્ય સુધારો સરખામણીમાં પાછલા વખતનો છે, અને પ્રાચીનકાળમાં સેમેટીક અને હેમીટીક સુધારા તે ઉપર સરસાઈ ભોગવતા હતા. તે સુધારાઓએ આર્ય લોકો ઉપર અસર કરી હતી કે નહીં, અને હોય તો કેટલી, તે નકી કરવાનું આપણે ભવીષ્ય ઊપર છોડવું જોઇએ છે.

જરથોશ્ત પોતાની આગમચના ધર્મનો સુધારક નહીં પણ પોતેજ ધર્મ સ્થાપક અથવા પેગમ્બર હતો તે વીષે.

ગઇ સદી પાસેથી આપણા જમાનાએ જે ભુલ ભરેલા અભીપ્રાયો મેળવયા છે, તેઓ માંનો એક, જરથુશ્ત્ર પોતાની આગમચના એક ધર્મનો સુધારક હતો, એવી પ્રકારનો છે. પુરાતમ વખ્તની તવારીખને લગતાં આપણાં સતાવાર ગણાતાં પુસ્તકોમાં, જરથુશ્ત્રના સુધારાને એક ખરી બીના તરીકે લેખેલી જોવામાં આવે છે. (જુઓ લેનારમંતની પુર્વ તરફના લોકોની અસલી તવારીખનું પુસ્તક બીજું, પાનું ૩૦૬ મું, આવૃતી ૧૮૬૯ નાં વરસની; અને દનકરની પુરાતમ જમાનાની તવારીખનું પુસ્તક ૪ થું, પાનું ૯૮ મું, આવૃતી ૧૮૮૦ ની.) આ અભીપ્રાય કેમ જનમ પામયો અને તેનો આધાર કઈ સાબેતીઓ ઉપર છે, તેની અમે અત્રે તપાસ લેવા માગયે છીયે.

યુરોપ્યનોની જાણમાં અવસ્તા આવતાં વારજ, જરથુશ્ત્રના સુધારા વીષે બોલાવા માડયું હતું. આંકવેટીલે કાંઈપણ શક વીના જાહેર કરયું કે, યિમ અને શ્રએતઓન જે વધુ પુરાતમ ધર્મ પાળતા હતા અને જેનો ફેલાવો હઓમએ કરયો હતો, તેમાં સુધારો કરનાર જરથુશ્ત્ર હતો. તેણે જણાવયું હતું કે, ઈ૦ સ૦ પુ૦ ૬૦૦ ને શુમારે જરથુશ્ત્ર થઈ ગયો હતો, અને પ્લીની જે વધુ પુરાતમ જરથોશ્ત વીષે બોલી ગયો છે, તે હઓમ હતો. (જુઓ કલયુકરનો જંદ અવસ્તાનો વધારો.) તેની પુઠે ચાલી કુચરે એવો અભીપ્રાય આપયો હતો કે, હઓમ ખાલડયાનો એક અસલી ધારાશાસ્ત્રી અને ફીલસુફ હતો, અને તે માણસ હોવા છતાં તેને દેવતાના સરખું રૂપ આપવામાં આવયું હતું. (એ માટે પણ જુઓ કલયુકરના જંદ અવસ્તા.) એજ કલયુકરે (પોતાના જંદ અવસ્તામાં) તેમજ શેહોદે (જંદ લોકોની કથા નામનાં પોતાનાં પુસ્તકમાં) પેશદાદયનો અથવા પઓઇર્યદકએષ લોકોનો પુરાતમ ધર્મ, જેના ફ્ત્વાઓ

તેઓ મોહોડે યાદ રાખતા હતા, તે અને જરથુસ્ત્રનાં લખેલાં શાસ્ત્ર વચ્ચે તફાવત જોયો છે. રોહોદ માને છે કે, પુરાતમ અને નવા ધર્મો વચ્ચે જે તફાવત હતા, તે નકી કરવાને તે હજી શકતીવાન છે: તે કહે છે કે અસલી ધર્મનો પાયો કલપના શકતી, આકાશના દેખાવ, સેતારાઓની હીલચાલનું અવલોકન, વગેરે ઊપર રચાયલો હતો; બીજા હાથ ઉપર નવો ધર્મ દ્રષ્ટાંત રૂપી અને લક્ષણ સુચક હતો; અસલ ધર્મને વધારે ખુલાસાવાર બનાવી તેને તેણે સુધારયો હતો, અને સઘલે ઠેકાણે તેણે નીતીના વીચારો દાખલ કરયા હતા.

આ અભીપ્રાય આગળ કદી ઘણા માનીતા હતા કે નહીં તે આપણે જાણતા નથી, કારણ કે અવસ્તાની વીદયા મારફતે બારીક તપાસ ચલાવવાનો પાયો નાખનાર બરનુફે તેની વીગતોમાં થોડોક ફેરફાર કરીને પણ તેને ટેકો આપવા ધારયું નથી. યજશ્નેનું જે આખ્યાન તેણે રચયું છે, તેમાં પાને ૫૬૫ મે "પઓઇર્યોદકએષ" અને "નબાનજદિશત" શબદો વીષે તે

બોલે છે. પેહેલા શબ્દના અસલથી ચાલતા આવેલા અર્થની સાથે મલતો થઇને તે "પેહેલા કાયદાવાલા લોકો" એવોજ અર્થ કરે છે, પણ બીજા શબ્દે તેને કેટલોક જાણવાજોગ ખુલાસો કરવાને તક આપી છે. તે આપણને કહે છે કે, આંકવેટીલે "નબાનજ઼દિશ્ત"નો અર્થ "નજદીકનાં, સગાં" એવો કરયો છે, અને તે વાજબી રીતે માને છે કે, આ અર્થમાં માત્ર "નજ઼દિશ્ત" શબ્દનોજ તરજુમો થયો છે, જેનો ખુલાસો નેર્યોસંઘ "નીકત" શબ્દથી કરે છે; પણ "નબા" શબ્દ જેનો અર્થ નેર્યોસંઘ "નવાન્વય" કરે છે, તે વગર તરજુમો કરવે તેણે રહેવા દીધો છે. હવે આ "નવાન્વય" શબ્દને બરનુફ "નવાં વંશ"ના અર્થે લે છે, જેથી "નબાનજ઼દિશ્ત"નો અર્થ "ઘણીજ નજદીકનો સંબંધ ધરાવનારાં નવાં વંશના લોકો" એવો થાય છે, અને તેથી તેમને લગતાઓને તેમના વડીલોની સામે મેલા શકાશે. આ રીતે વડીલો જયારે એક પુરાતમ કાયદો ધરાવતા હતા, તયારે જ઼રથુશ્ત્ર અનેતેના વખતના લોકો નવો કા

યદો ધરાવતા હતા. બરનુફ વળી ટીકા કરે છે કે, ઋગવેદ (ઐતરેય બ્રાહ્મણ)માં ચોકસ "નાભાનેદિષ્ઠ" વીષે બોલવામાં આવે છે. તેમાં કહે છે કે તે મનુનો છોકરો થતો હતો, પણ તેને બાપ તરફના વારસામાંથી બાતલ કરયો હતો. આ ઉપરથી બરનુફ ધારેછે કે, અવસ્તાએ અથવા વેદે આ શબ્દ એક યા બીજામાંથી ઉછીનો લીધો છે, કારણ કે આ બીના કોઇથી નાકબુલ રાખી શકાશે નહીં કે, " નબાનજદિસ્ત " અને " નાભાનેદિષ્ઠ " શબ્દો એક બીજા સાથે નીકત સંબંધ ધરાવે છે, અને તેઓમાં " નબાનજદિસ્ત " શબ્દ પ્રથમ નીકલેલો દીસે છે. પણ " નાભાનેદિષ્ઠ "ને હીંદુઓ વારસામાંથી બાતલ થયલા મનુના દીકરા લેખે સમજે છે, તે ઊપરથા બરનુફ એમ માને છે કે આ શબ્દનો અરથ " હીંદુઓની પડોશમાં વસ્તા પણ ધર્મ અને ભાષામાં છુટા પરેલા લોકો "નો થાય છે. આ ઉપરથી એવો સાર નીકલે છે કે, " ઐતરેય-બ્રાહ્મણ " લખાઇ તે જમાના સુધી એકજ મુળમાંથી નીકલેલા પણ પાછળથી તેમનાથી છુટા થયલા લોકોની

યાદદાસ્ત અથવા કથા હીંદુઓ ધરાવતા હતા. બરનુફ ધારે છે કે, "પઓઇર્યદકએષ" લોકો અને "પરધાત" અથવા "પેશદાદ પન" લોકો એકજ છે, અને તેઓ હીંદુઓ તેમજ ઇરાનીઓના સામાનય વડીલો થતા હતા.

બરનુફના આ અભીપ્રાયમાં લાસેન પણ ભાગ પડયો હતો, અને તેના *Alterthumskunde* ની પેહેલી આવૃતીનાં પેહેલાં પુસ્તકને પાને ૫૨૦ મે તે જોવામાં આવશે. તે આમ ધારે છે કે, "નાભાનેદિષ્ઠ" અથવા "નબાનજદિશ્ત" શબ્દનો અર્થ બંને કોમ વાળાઓ "ખરો ધર્મ પાળનારા" એવો સમજતા હતા. તે પુછે છે કે, આ નામ ઉપરથી "અસલ ધર્મમાં જુદી જુદી રીતથી ફેરફાર કરી ઊપજાવવામાં આવેલા સુધરેલા ધર્મનું નામ શું આપણે મેળવતા નથી?" તે એવું માને છે કે, "જે ધર્મ અને ક્રિયાનાં જુદાં પડવાથી ઇરાનીઓ અને હીંદુઓ છુટા થયા હતા, તે ઘણીજ તાજી બીના છે, અને તે મનુથી ઉતરી આવેલી બંને કોમો હજી સુધી યાદ રાખે છે."

પણ પોતાના પુસ્તકના વધારામાં પાને ૮૭
મે લાસેન પાછો એક મુશકેલીમાં આવી પ
ડે છે. તે કહે છે કે, "'નાભાનેદિષ્ટ' તો
આગલાં વરણન પ્રમાણે ખરો ધર્મ પાળના
રા થાય છે, પણ તેના સંબંધમાં કરવામાં
આવેલો ખુલાસો ખરો હોય તો તેનો અર્થ
ધર્મ વીરૂદ્ધ ચાલનારા લોકોનો થવો જોઇએ"

"ઐતરેય બ્રાહ્મણ" નો જે ટુંક સાર
કોલબ્રુકે (પોતાના પરચુટણ વીષયોનાં પે
હેલાં પુસ્તકને પાને ૨૫ મે) આપયો છે,
તે સીવાય તે બાબતમાં વધુ ખબર બરનુ
ફ ધરાવતો ન હતો. ખરૂં છે કે, લાસેનને
મજકુર ફકરાનું અસલ લખાણ મળ્યું હતું,
પણ તે કબુલ કરે છે કે, તેને તે ખુલો સ
મજ પડતો નથી. તેનું કારણ આ છે કે, તે
જમાનામાં વેદનો અભયાસ શરૂ થયલો ન
હતો. પાછળથી રાથે "રીવ્યુ ઑવ ધી સો
સાયટી ઓરીએનટલ ઑવ જરમની"ના છ
ઠાં પુસ્તકને પાને ૨૪૩ મે આ ફકરાની લં
બાનથી તપાસ કરી બતાવયું છે કે, "નાભાને
દિષ્ટ "નો અર્થ બરનુફ ધારે છે તેમ "નવા
વંશ " નો થતો નથી, પણ ઘણીજ અતલ

ગની સગાઈ ધરાવનારૂં કુટુંબ થાય છે. "ના ભાં " શબ્દ જેનો આગળ ખુલાસો કરવામાં આવતો ન હતો, તે " નાભિ " શબ્દની ૭ મી એક વચન છે, (મયુર અને લડવીગ " નાભા " ને ૧ લી એક વચનમાં લેખે છે,) અને વેદમાં તેનો અર્થ " ઘણીજ અ તલ્રગની સગાઈ " થાય છે, એવો ખુલાસો સમજાવવામાં આવે છે. રાથને આધારે ચાલી ને " વીબરનો હીંદી અભયાસ " નામનાં પુસ્તકમાં મેં બતાવયું છે કે, '"નબાનજ઼દિશ્ત" નો અર્થ "નવાન્વય નીકત " કરવામાં ન વું વંશ નહીં, પણ નવમી પેહેડીની સગાઇ એવું કહેવા નેર્યોસંઘે ઇછયું છે, જે હીંદુ ઓના " સપીંડ " ને લગભગ મલતો બોલ છે. સાધારણ રીતે પારસીઓ તેનો અર્થ સ ગપણ કરે છે, કે જેમ આંકવેટીલે કરયો છે. લાસેને પોતાના " પુરાતમ અભયાસ " ની બીજી આવૃતીમાં પાને ૧,૬૨૪ મે પોતાનો આગળો અભીપ્રાય પાછો ખેંચી લીધો છે, અને તે કહે છે કે, " નાભાનેદિષ્ઠ " અને " નબાનજ઼દિશ્ત " નજદીકની સગાઈ ધ રાવનારા ધાતુમાંથી નીકલેલા છે, તોપણ તે

ઓ વચ્ચે તવારીખ રૂપી કશો સંબંધ નથી. ટુંકમાં જો કે તેઓ બંને એકજ છે એમ પુરવાર કરવામાં મુશકેલી નડે, તોપણ તેઓ એક બીજા સાથે અતલગની સગાઈ ધરાવતા દીસે છે, તે કોઇ ના પાડશે નહીં. બરનુફનો એવો અભીપ્રાય છે કે, બંનેમાંનો ઇરાની શબ્દ વધારે જુનો છે, અને તેનો તે અભીપ્રાય તે શબ્દના બીજા ભાગની બાબતમાં ખરો છે, પણ પેહેલા ભાગના સંબંધમાં મુશકેલીઓ નડે છે. હીંદુ "નાભા" શબ્દની સાથે સરખાવતાં "નભા" શબ્દમાંનો સ્વર ટુંકો થઇ ગયલો જોવાથી અજાયબી ઊપજવી જોઇએ; એજ પ્રમાણે "બ" અક્ષર પણ અજાયબી ઉપજાવે છે; કારણ કે તેને બદલે ડ઼ (વ) અક્ષર આવવો જોઇતો હતો; આ રીતે આ શબ્દ બીજી ભાષામાંથી લેવાયલો હોય એમ દીસે છે. વળી હીંદુ "નાભિ" શબ્દને મલતો બોલ ઇરાની ભાષાઓમાં હૈયાતી ધરાવતો માલમ પડતો નથી; તે ભાષાઓમાં આજ પરયંત જે શબ્દ વપરાય છે, તેમાં "ભ"ની જગાએ "ફ" અક્ષર જોવામાં આવે છે, જે

મ કે "નાફ". આ રીતે આ બંને શબ્દો વચેનો સંબંધ અનીશચીત રહે છે.

આ પ્રમાણે "નબાનનિ્દશ્ત" શબ્દના અર્થ ઉપરથી એમ પુરવાર થઈ શકે નહીં કે, જરથુશ્ત્ર અને તેના વખતના લોકો તેમના વડીલોથી જુદોજ મહજબ ધરાવતા હતા. "પઓઈર્યોદકએષ" શબ્દનો અર્થ પણ અગતનો છે, પણ તેનો ખુલાસો સમજાવવો વધારે મુશકેલ છે, કારણ કે પારસીઓ મારી જાણ પ્રમાણે આ શબ્દનો કેઠે ખુલાસો આપતા નથી, અને તેનો અર્થ જે ઠેકાણે તે મળેછે, તે ઠેકાણેથી મળતી જુબાની સાથે બંધ બેસતો નથી. જો આપણે તેના ધાતુ વીષે વીચાર કરયે છીયે તો, તેમાંનો " પઓઈર્ય " શબ્દ " પેહેલો " એવો અર્થ ધરાવે છે, એમાં કાંઇ શક નથી, પણ બીજા હાથ ઊપર " દકએષ "નો ધાતુ અનીશચીત છે. તેને બરનુફ આગળ જણાવી ચુકો છે તેમ માત્ર " દકિષ " ધાતુ ઉપરથી કાહાડી શકાય, પણ તે ધાતુ કેઠે મલતો નથી, અને તેથી "દકએષ " શબ્દ કોઇ પારકી ભાષાનો નીકલે એ અશકય નથી. પણ આ શબ્દ

વધુ પાછળા વખતની ભાષાઓમાં જળવાઇ રહયો છે; આરમીન્યન "બેશ, સેત" (ખોટો મહજબ)માં આપણને તે મળે છે; મીનોખિરેદમાં "કેષ" શબ્દની અછટ નથી, અને સાધારણ રીતે તેનો અર્થ "દર્શન"થી નેર્યોસંઘે કરયો છે; એટલા માટે તેનો અર્થ "મત," "ઇમાન" થાય છે. પાઝંદ શબ્દ કોષમાં આ "કેશ" શબ્દનો જે અર્થ મળે છે, તે વધુ બોહોલો વપરાસ ધરાવે છે; તે અર્થ "દીન" "ધર્મ" નો છે; આ અર્થની સાબેતી પાઝંદ ભાષામાં ખરા અને ખોટા મહજબના સંબંધમાં આ શબ્દ વપરાય છે તે ઉપરથી મળે છે. આટલી બીના ખુલી છે કે, આરમીન્યન ભાષામાં જે અર્થે તે વપરાય છે, તે અર્થ અવસ્તાને બેગાનો છે, કારણ કે તેમાં "દકએષ" શબ્દ "આહુઇરિશ" વીશેષણ સાથે જોડાયલો જે ફકરાઓમાં મળે છે, તે કાંઇથોડા નથી; દાખલા તરીકે જુઓ યજશને હા ૫૯ મો, ફકરો ૬ ઠો; આફ્રીગાન ૧ લું, ફકરો ૧૨ મો. વળી "આહુઇરિશ દકએષ" નો સાથે વારે ઘડયે "આહુઇરિશ ફ્રૂનો"

ચાને " હોરમજદી સવાલો " એ શબ્દો જોવામાં આવે છે.(વીસપરદ કરદો ૧ લો, ફકરો ૩૦ મો; ક. ૨ જો, ફ. ૩૨,૩૩; યજ્‌શ્‌ને હા ૫૬ કરદો ૧૦, ફ. ૪; હા ૭૦, ફ. ૫૮ તથા ૫૯) વળી એક બીજા વાક્યમાં " જ઼રથુશ્ત્રહે વરેનેમચ દકએષેમચ "(યજશ્‌ને હા ૧૭, ફ. ૧૦ મો) મળે છે. આ સઘલે ઠેકાણે અસલ તરજુમામાં " દકએષ " માટે" દાદેસ્તાન " અથવા સેમેટીક " દીન "શબ્દ વપરાય છે; જેનો અર્થ ઈનસાફ થાય છે. પણ ઘણે ઠેકાણે આ અર્થ બોહોલો છતાં બંધ બેસતો નથી, અને તયાં બીજો જ અર્થ શોધવાની જરૂર પડે છે; સંખયાનાં નામો " ત્રણ " અને " પાંચ " શબ્દો સાથે જયાં "દકએષ " જોડાયલો મળે છે, તે આ ફકરાઓ છે: યજ્‌શ્‌ને હા ૧૯, ફ. ૩૧, ૩૬; હા ૨૦, ફ. ૬; હા ૨૧, ફ. ૩. વળી યુસ્તીના વીચાર પ્રમાણે ગાહ ૩ જો (ઊજ઼િરવન) ના ફકરા ૭ મામાં પણ એવોજ શબ્દ મલે છે. આ સઘલા ફકરાઓમાં અસલ તરજુમો કરનારાઓ " દકએષ " નો અર્થ " દાતુબારિ " કરી ગયા છે, જેનો અર્થ

ન્યાઈ વાકય થતો તેઓ સમજતા હતા, એમ યજ્શને હા ૨૦, ફ. ૬ અને હા ૨૧, ફ. ૩ ની શરેહ ઊપરથી માલમ પડી આવે છે, જ્યાં "થ્રાયો દકએષ" માટે એ વો ખુલાસો કરવામાં આવે છે કે, તેમાં ત્ર ણ વાકયો (વચીર) સમાયલા છે. એટલા મા ટે, ડી હાર્લે વાજબી રીતે તેનો અર્થ "વા કય" કરે છે. વળી ત્રણ ફકરાઓ—યજ્શ્ને હા ૪૮, ફ. ૨, ૩ અને હા ૪૯, ફ. ૩૨ માં તેનો અર્થ (તેને *concrete* નામ તરીકે લેઇ) "દા તુબ્બર" એટલે ન્યાયાધીસ કરવામાં આવે છે, અને વળી છેલા જણાવેલા ફકરામાં તો તે અર્થ સારો દીસે છે.

આ સઘલા ફકરાઓની તપાસ લેતાં સાબેત થાય છે કે, "દકએષ" અને "દએ ન" કાંઇ એકજ અર્થ ધરાવતા શબ્દો ન થી, અને "દકએષ"નો અર્થ ધર્મ નહીં, પણ ધર્મનો એક ભાગ માત્ર છે, કે જેમાં કા યદાને લગતાં ફરમાનો આવેલાં છે. તેનો સાથે "દાત" અને (હીબ્રુ) "દાથ" શબ્દો મલતા થાય છે. એટલા માટે "દકએષ"નો અર્થ હાર્લે કાયદો, કાનુન, ફરમાન કરે છે, તે પસંદ કરવા જોગ છે.

વળી વારેઘડીએ અવસ્તામાં "દકએ ષ" શબ્દ એક સામાશીક શબ્દના બીજા ભાગ તરીકે મળે છે. એવાં એક સમાસ નામમાં " અદૅરેતો–દકએષ, " (વંદીદાદ ફ રગરદ ૧૬, ફકરા ૪૧ માં) ન્યાયાધીસને કબુલ નહી રાખનાર અર્થે મળે છે; પણ ઘણે ખરે ઠેકાણે " દકએષ" નો અર્થ ફારસી " કેષ " ને બરાબર મલતો યાને કાયદો, કાનુન થાય છે, જેને લીધે અસલો તરજુમાઓમાં તેનો અર્થ "દાદેસ્તાન" અથવા "દીના" કરી કરવામાં આવ્યો છે, જેમ કે: અન્યો દકએષ, અર્ષ–દકએષ, અશવો–દકએષ, અશો–દકએષ. વળી એજ જાતના શબ્દોની ટીપમાં " પઓઇર્યો–દકએષ" શબ્દ મળે છે, જેનો અર્થ જાણવા માટે આપણે આ સઘલી તપાસ ચલાવી છે. મારા તરજુમામાં હુ આંકવેટીલ અને બરનુફને આ ધારે તદન ચાલ્યો છું, અને સાધારણ રીતે મેં તેનો અર્થ " પેહેલા મહજબવાળાઓ " એવો કર્યો છે. પણ તે સુધારી તેનો અર્થ " પેહેલા કાયદા (કાનુન)વાળા" કરવો જોઇએ છે, અને તે ઊપરથી જરથુશ્ત્રની આગ

મચનો જમાનો, જેને અને "પરધાત"ને બરનુફ એકજ ગણે છે, તે જમાનાની હાલ તનો અર્થ નીકલતો કોઈ સમજી શકે એ ઘણુંજ સંભવીત છે. પણ અવસ્તાનો કર્ત્તા આવો અર્થ કરતો હોય તે ઘણુંજ શકમંદ છે. "મેમવાર્સ આફ ધી લીંગવીસ્તીક સોસાયટી"માં પાને બીજે દારમેસ્તેતર વાજબી રીતે ટીકા કરે છે કે, યશ્ત ૧૩ મી, ફ ૯૦ તથા ૧૪૮ ઉપરથી એવું દીસે છે કે, જરથુશ્ત્ર પોતે અને તેના સાગેર્દો "પઓઇર્યો-દકએષ" થી ઓળખાયલા છે. પણ તે બીના કબુલવાથી અવસ્તા સામે બે એકેકથી ઉલટી વાત જણાવવાનો આરોપ લાગુ પડે છે; કારણ કે યજશ્ને હા ૯, ફ.૩૨માં કૅરેસાસ્પના ભાઇઉર્વાક્ષયને "દકએષ" તરીકે ઓળખાવ્યો છે, અને તેથી જો કાયદાના કાનુનો તેના વખતમાં હસ્તી ધરાવતા ન હોય તો પછી, આ શબ્દ તેને લાગુ પાડવાનું કારણ સમજવું મુશકેલ થઇ પડે.

આ કારણોથી અમે સાબેત કર્યું છે કે, " પઓઇર્યો-દકએષ" અને " નબાનજદિશ્ત " ને એક બીજાની સામે રજુ કર

વાથી, જરથુશ્ત્ર (અસલી ધરમને) સુધાર
નાર હતા એવા વીચારને ટેકો મલતો નથી.
વળી પારસીઓનાં પવીત્ર લખાણોના કોઈપ
ણ ભાગમાંથી આ વીચારનો પાયો મળતો ન
થી. અવસ્તા તેને માનનારાઓને માટે શું
છે અને તે કેવા થવા ઇછે છે, તેની પુરતી
જુબાની તેમાંથી નીચે પ્રમાણે મળે છે:-
તે (અવસ્તા) ઇશ્વરનો કલામ છે, જે તે
ણે જરથુશ્ત્રને બશારતથી કહયો હતો, અને
તેણે (જરથુશ્ત્રએ) તે માનવીઓને જાહેર
કરયો હતો. ઇશ્વર ઘડીઘડી પોતાના વિચારો
બદલતો હતો, એમ તો માની શકાયજ નહી,
અને તેથી તે (જરથુશ્ત્ર)ને સુધાકર લેખાવા
નો હક નથી

ખરૂં છે કે જરથુશ્ત્રની આગમચ ઇ
શ્વરને પંસંદ પડે એવી સારી જીંદગી ગુજા
રી ગયલાઓનાં નામ અવસ્તા આપેછે; પણ
અહુરમજદની પોતાની સાથે સંબંધમાં આ
વીને અથવા બીજા કોઇ ઉપાયથી તેઓ ખરે
મારગે ચાલવાને શકતીવાન થતા હતા, તે સાથે
જરથુશ્ત્રને માનનારાઓને કાંઇ કામ નથી;
ઇશ્વરની આજ્ઞા શું છે તે તેઓ અવસ્તાથા

પીછાણી શકશે, અને તેમાં જણાવેલાં ફર માનો પ્રમાણેજ તેઓએ પોતાની જીંદગી ભોગવવાની કોશેશ કરવી જોઇએ છે. અવસ્તામાં કે બીજે કેથે જરથુશ્ત્ર (અસલી ધર્મનો) સુધારનાર હતો, એવા અભીપ્રાયનો પાયો જડતો નથી. ખરૂં છે કે, એવા વીચારના ટેકામાં આમીઆનસ મારસેલીનસના એક લખાણનો આધાર પકડવામાં આવેછે, કે જેમાં ઇરાની ધર્મ વીશે તે નીચે પ્રમાણે બોલે છે:–

નામીચા ધર્મો વીષે સૌથી જાણીતો લખનાર જે પ્લેતો, તેણે "માગીયા"નો અર્થ "માખાજીસ્તીયા" એવા મારમીક શબ્દથી જણાવયોછે–એટલે ઇશ્વરી વસ્તુઓની સૌથી નિર્મલ આરાધના. આ ધર્મને લગતાં શાસ્ત્રમાં બાકત્રયન જરથોશ્તે ઘણા દુરના જમાનામાં ખાલદ્યન લોકોની ઘણીક છુપી ક્રીયાઓ ઉમેરી હતી. પછી દરાયસનો પીતા હીસ્તાસ્પ, જે ઘણો ડાહયો રાજા હતો, તેણે કાંઇક ઉમેરયું હતું. આ રાજા જયારે ઊતર હીંદુસતાનનાં વેરાનોમાં લગાર હીંમતથી ફરતો હતો ત્યારે તે ઝાડોથી ઘેરાયલાં ચોકસ વનમાં જઇ પોહોંચ્યો. તે વનની શાંત ચુપકીદી (ત્યાં વસતા) બ્રાહ્મ

ણોનાં ઉચ્યાં મને ગ્રહણ કીધેલી હતી; અને તેમની શીક્ષાથો દરાયસે આકાશ તથા આકાશી ગોળાઓની હીલચાલની રીતીઓ તથા ધર્મ સંબંધી આરાધનાની નિર્મળ ક્રીયાઓ, જેટલી મેળવી શકાઇ એટલી શીખી લીધી. પછી તે જે જે શીખ્યો હતો, તેમાંથી કેટલીક તેણે માગી લોકોનાં વાકયોમાં ઉમેરી.

કેટલાકો એમ ધારે છે કે, આમીઆનસને આ ખુલાસો ઈરાનીઓને મોહોડેથી મળયો હતો. જો તેમજ હોય તો અવસ્તામાં જણાવેલા જેવા દીનદારો તે (ઈરાની)ઓ ન હશે, કારણ કે અવસ્તામાં જણાવેલા દીનદારો કદી પણ એમ કહે નહીં કે, જરથુશ્ત્રએ પોતાના ફત્વા ખાલદયન લોકોની ભેદી ક્રીયામાંથી મેળવયા હતા, તથા વીશ્તાસ્પ જેવા પરેહજગાર પાદશાહે જરથુશ્ત્રનાં ફરમાનોમાં બ્રાહ્મણોનાં ડહાપણથી વધારો કરાવ્યો હતો- રોમન શેહેનશાહ જુલયનની દુખદાયક ચહડાઇમાં આમીઆનસે જાતે ભાગ લીધો હોય, તો પણ તેણે ખુદ ઈરાનની ભુમી ઉપર પગ વટીક મેલયો નહતો; તે ચોકસ છે. તુરતજ કોઇ એમ વીચાર કરશે કે તેણે ઈરાની બંદીવાનો સાથે ઈરાની ધર્મ વિષે વાતચીત કરીને આ બીના મેળવી

હશે પણ તેને તે માટે ભાગ્યેજ વખત મળયો હશે તથા ભાગ્યેજ તેણે ખાહેશ બતાવી હશે. મને તો કાંઈ પણ શક વીના માલમ પડે છે કે, જરથુશ્ત્ર અને વીશ્તાસ્પનાં નામથી રોમન શેહેનશાહાતમાં જે બનાવતી દસ્તાવેજો ફેલાવો પામ્યા હતા, તેના આધારે આ મીઆનસે લખાણ કરયું છે; તે દસ્તાવેજોમાં ખાલદયનોની ભેદી ક્રીયા તથા બ્રાહ્મણોને લગતી બાબત હશે.

આ રીતે આપણી તકરારનું પરીણામ આ આવે છે કે, ઇરાનીઓનાં અને સામાન્ય રીતે પુરાતમ લખાણોમાંથી એક પણ એવું ચીનહ મલતું નથી કે, તે ઉપરથી જરથુશ્ત્રને એક ઘણાજ અસલી મહજબના સુધારક તરીકે લેખી શકાય. જરથુશ્ત્રના ધર્મ લીષે વિચાર બાંધવા માટે આ પરીણામ પેહેલી અગતનું છે, કારણ કે ભવીષ્યમાં જરથુશ્ત્રને અસલી ધર્મનો સુધારો કરનાર તરકો લેખાવનારને, મોહોડેથી બોલાતી તવારીખનો જ નહીં, પણ તેનાજ જેવાં મજબુત કારણો ઇરાનીઓનાં ધર્મ સંબંધી લખાણોમાંથી રજુ કરવાં પડશે. હવે અવસતામાંથી આપણ

ને ધર્મનું જે ધોરણ મળે છે, તે વીષે વીચાર કરીશું તો તેને ખચીત પ્રથમ જમાનાના જેવું આપણે ગણીશું નહીં; પણ રોહોદે તેના જે બે ભાગ—એક વધારે અસલી અને લાગણીઓથી ઉભો થયલો, તથા બીજો વધારે પાછળનો અને અલંકારી ક્રિયાઓ સાથનો—કર્યા છે તે આપણે કબુલ રાખી શકીશું; પણ જરથોસ્તી ધર્મનો જે ભાગ લાગણીઓથી વધારે ઉત્પંન થયલો છે, તેને મહોમેદન ઈતીહાસ કર્તાઓને આધારે, જેમ દનકર હજી પણ લેખે છે તેમ, કોઇ વધારે જુના પેગમ્બરની બનાવત તરીકે લેખીશું નહીં, કારણ કે ગ્રિમ અને ગ્રએતઓનની તવારીખ હઓમના કરતાં વધારે ખરી અમે માનતા નથી.

એક અસલ પેગમબર અને તેના ફરમાનોની જગાએ અમે એક અસલી આર્ય ધર્મને ગણવાને વધારે પસંદ કરર્યે છીયે, જે ધર્મ અસલી વખતમાં હીંદુઓ તેમજ ઇરનીઓ ભેગા પાળતા હતા. આપણને એવું સ્વીકારવાની કશી જરૂર નથી કે, તે પુરાતમ આર્ય ધર્મ સઘલી બાબતોમાં વેદોક ધર્મને

મળતો હતો; સિંધુ નદીની સામી બાજુએ વસ્તા આર્ય લોકો (ઇરાનીઓ), તેની આ બાજુએ વસ્તા વેદીક હીંદુઓથી ઘણી બાબતોમાં જુદા પડતા હતા, તે બીના સંભવીત છે. અવસ્તાનો ધર્મ સઘલો અસલ આર્ય ધર્મમાંથી એમનો એમ નીકલ્યો હતો, એમ માનવાની આપણને ફરજ પાડે એવું કોઈ કારણ નથી; તેમજ એક બળવંત હાથ નહીં માલમ પડે એવી રીતે ફેરફાર કરી નવું ધોરણ રચવાને શકિતવાન થયો, તે આગમચ તેના અસલ અને નવા આકાર વચે ઘણી મોટી મુદત નીકલી ગઈ હતી, એમ સવીકારવા સામે આપણને કશો અટકાવ નહતો નથી.

આર્ય જમાનાના વખતમાં ઇરાનીઓનો ધર્મ અનેક દેવમતી હતો, એમ સવીકારવાથી આપણે ઠગાવાના નથી. અવસ્તા તથા વેદમાં જે જુદા જુદા સામાન્ય દેવતા છે, તે તે વેળાએ લગભગ એકસરખી પંકતીના લેખાતા હતા. આ દુનીયામાં ભલાં માણસોની જોડે બુરાં માણસો પણ હૈયાતી ધરાવે છે, તેથી જેટલી થોડી અજાયબી ઉપજે

એટલીજ અજાયબી અનેક દેવમતવાળાને સારા તેમજ બુરા દેવતા જોડેજોડ હોવાથી ઉપજી શકે. મીદયન વંશની જે તવારીખ આપણને જણાયલી છે, તે આગમચ ઇરાનીઓએ અસલ આર્ય ધર્મમાં શું ફેરફાર કર્યા હતા, તે આપણે જાણતા નથી. મીદ લોકોની ધર્મ ક્રિયા પણ આપણને લગભગ અનજાણી છે, પણ કતેસ્યાસનાં જણાવવા પ્રમાણે આસ્ત્યજીસનો ખુબસુરત છોકરો સ્પીતમનું નામ ધરાવતો હતો, જે નામથી જરથુશ્ત્ર અને તેનું કુટુંબ તે વખતે પ્રખ્યાત થઈ ચુકેલું હતું, અને વળી આસ્ત્યજીસ પણ તેજ ખાનદાનનો હતો, તે ઉપરથી આપણે તેને માટે અનુમાન કરી શકયે છીયે. લાંબો વખત થયો એવું અનુમાન કાહાડવામાં આવ્યું છે કે, એકબતાનાની સાત દીવાલો ઊપરના જે જુદા જુદા રંગો વીષે હેરોદોતસ કહી ગયો છે, તેમને પશ્ચિમના લોકોની ગૃહોની બંદગી સાથે સંબંધ હતો. (લેનૉરમંત, *manuel* ૨,૩૪૫). ગમે તે હોય, પણ દરાયસના વખતના ઇરાનીઓ અનેક દેવમતી ન હતા; ખીલારોકી

લેખોમાં અહુરમજદને દુનીયાના વડા તરીકે, "આકાશ તથા પૃથિવને ઉત્પંન કરનાર" દાખલ જણાવ્યો છે. અવસ્તા પ્રમાણે એક ભલો અને એક બુરો ઊત્પંન કરનાર છે; જેમાંનો પેહેલો ભલા યજદોની અને બીજો સઘલા દેવોની સરદારી ધરાવે છે. ઇરાનીઓ તેમજ હીંદુઓનાં અસલ મત જાણવા માટે આ ફેરફાર ઘણીજ અગતનો છે. આગળ જે દેવતાઓ હૈયાતી ધરાવતા હતાં તેઓમાં થી આ બે—ભલો તથા બુરો પેદા કરનાર આસ્તે આસ્તે ચહડતી પંકતીએ પોહોંચી ને બીજાઓથી સ્રેષ્ટ થયા હતા, કે ઇરાનમાં આ બંનેની તદન નવીજ ઊત્પત્તી થઇ હતી, તે સવાલ લગભગ કશી જરૂરનો નથી. આ બીના બનવા જોગ છે કે, ઇરાનના મુલકની કુદરતી ખાસીઅત ઉપરથી તેમને લગતા વીચારને જનમ મળ્યો હોય; ત્યાં દરેક ઠેકાણે થોડી જમીન રસાલ અને થોડી ઊજડ છે. મેહેનતુ ખેડુતો અને ભટકતા લુટારાઓની સામસામો ખાસીઅતથી પણ તે વિચારને જનમ મળ્યો હોય. કોઇ પણ રીતે આટલી બીના કબુલવાની જરૂર છે કે, વિ

ચારોમાં થયલો આ ફેરફાર એકજ કુદકાથી નહીં પણ આસ્તે આસ્તે થતો ગયો હતો. ઇરાનના પાદશાહી કારોબારની ગોઠવણના નમુના ઊપર આકાશી ચીજોને લગતા કેટલાક વીચાર બાંધવામાં આવ્યા હતા, એમ જો આપણે જણાવીશું તો તેથી આપણે ઠગાઇશું નહીં. પણ શું ચોકસાઇથી કહી શકાશે કે, પશ્ચિમથી આવેલા પ્રદેશીઓની અસરને શરણે જવા વગર, એકલા ઇરાનીઓએ પોતેજ પોતાના વિચારોમાં આસ્તે આસ્તે આવો ફેરફાર કર્યો હતો? વળી ઇરાની ધર્મમાં બે આકારો જોવામાં આવે છે;-(૧) ખીલારોકી લેખોવાળો કે જે અહુરમજદને આકાશ અને જમીનના પેદા કરનાર તરીકે પીછાણે છે, અંગ્રો-મઇન્યુશને પીછાણતો નથી; જે દ્રુજ અને હએન જેવાં બુરાં માનવીઓને પીછાણે છે પણ દેવોને પીછાણતો નથી; અને (૨) અવસ્તાનાં લખાણો વાળો કે જેમાં સ્પેંતો-મઇન્યુશને અંગ્રો-મઇન્યુશની સામે તથા અમેષાસ્પંદોને દેવોની સામે બતાવ્યા છે. આ બેમાંથી કયા આકારવાળો ધર્મ પેહેલવેહેલો ઉભો થયો હતો-ટુંકમાં ધ

મેનો પાદશાહી આકાર (એક ઇશ્વરી વિચા
ર) બે ઈશ્વરી વિચારનો આગમચ ઊભો થયો
હતો કે કેમ, તે જાણવાની ઘણીજ અગત
છે. દરાયસ અને તેના ગાદી વારેસો બે ઈ
શ્વરી વિચારવાળા પંથને લગતા ન હતા એ
મ કબુલ રાખ્યે, તોપણ તેથી એમ નક્કી થ
તું નથી કે, તે વિચાર તે વખતે હસ્તી
ધરાવતો ન હતો; તે ઊપરથી એવોજ સા
ર કાહાડી શકાય કે, તે વેળાએ સઘલે
ઠેકાણે તે વિચાર પંથરાયલો ન હતો. પ
ણ મુસ્તકીમ કારણો ઉપરથી હું એમ
ધારૂંછું કે, પ્રથમમાં એક પાદશાહ (ઇશ્વર)
ના વિચારની સ્થાપ્ના થવા વિના બે ઇશ્વરી
મતને જનમ મળી શકેલો હોય નહીં.
અનેક દેવમતવાળાઓ પોતાના સંખ્યાબંધ
દેવતાઓની સંખ્યા ઘટાડીને બેનીજ રા
ખવાને કબુલ થાય એમ માનવું મુશકેલ
છે; પણ સઘલાઓને રદ કરી એકનેજ પે
દા કરનાર અને સરદાર તરીકે તેઓ કબુલવા
તૈયાર થાય એમ વીચારવું સેહેલું છે. પણ
આકાશ તથા જમીનનો પેદા કરનાર એકજ
છે એમ કબુલ રાખવા પછી, તુરતજ કો

ઈના પણ મનમાં સવાલ ઉત્પંન થાયછે કે, પેદા કરનારની ઇચ્છાઓને તાબે નહીં થનારી ખરાબી આ દુનીયામાં ક્યાંથી આવીછે? એટલા માટે આ સવાલનો ફડચો કરવાને જે ઘણીક સાબેતીઓ જોઇએ છે, તેમાંની એક તરીકે બે ઇશ્વરી શકિતના વિચારને ગણવાની જરૂર છે; અને હું માનું છું કે, ઇરાની ધર્મમાં બે ઇશ્વરી શકિતનો જે વિચાર જોવામાં આવે છે, તે ઇરાનીઓએ આ દુનીયા અને તેની હાલત વિષે મેળવેલાં જ્ઞાન ઉપરથી ઉત્પંન થયો હતો. પ્રથમમાં એકેમેનીદ (હખમની) પાદશાહોને દુનીયાના એકલા સરદારો તરીકે લેખવામાં આવતા હતા. પણ વખત જતાં જાણવામાં આવ્યું કે, પૂર્વ તરફ બળવંત ચીનાઈ શેહેનશાહાત હતું, જ્યાંના શેહેનશાહોને અવસ્તામાં ફ્રંગ્રાસ્યાનનાં નામથી કલ્પીત રૂપ આપવામાં આવ્યું છે. પૃથિવ ઉપર બે હરીફ પાદશાહો જોવાથી આકાશમાં બે વિરૂદ્ધ પાદશાહ હોવાનો વીચાર તેમનામાં દાખલ થયો હતો, તે ઘણોજ સંભવીત બનાવ છે. ઇરાની ધર્મના મુખ્ય કાનુનોમાંથી અસલ આર્ય વિચારો

પોતાની મેળે નીકલી ગયા હતા, પણ તેમ ના ઉપર આ બાબતમાં પશ્ચિમના લોકોની અસર થઈ ન હતી, એમ માનવું ભુલ ભરેલું છે, કારણ કે ઇરાનીઓ ઉપર એકલા એસીર્યનો અને બેબીલોન્યનોજ પાડોશી તરીકે અસર કરવાને શક્તિવાન હતા, એમ નથી.

ઇરાનીઓનાં મંત્ર અથવા માંથ્રને અથર્વ વેદમાંનાં મંત્રો સાથે દનકરે સરખાવયાં છે, પણ એસીર્યા તથા બેબીલોન્યાના ખીલારોકી લેખોમાં જે મંત્ર આપણે જોઈએ છીયે તેમની સાથે તે વધારે મજબુતીથી મલતાં ઊતરે છે.

ઇજીપ્તના લોકોએ પણ ઇરાનીઓ ઉપર અસર કરી હતી, તે બીનાની સાબેતી મુરઘાબ ખાતેના જાણીતા કુરૂસ (Kyros) ના ચીતાર ઉપરથી તેમજ ગુજરેલાં આદમીઓના પેલી દુન્યામાં થતા ઇનસાફ વિષે ઇરાનીઓ પાસેથી દનકરે મેળવેલી વીગતો ઉપરથી મળે છે, કે જે જાતના ચીતાર અને વીગતો ઇજીપ્તમાંથી મળે છે. આર્ય જમાનાની શરૂઆત તેમજ ઇરા

ની ધર્મના જન્મનો વખત ઘણોજ પુરાતમ છે, એમ ચોકસ જુબાનીઓને આધારે ક બુલ રખાતું આવ્યું છે. આ જુબાનીઓ ઇતીહાસને લગતો માનવામાં આવે છે, પણ તે ખરેખરી તેવી નથી. ઈરાનીઓના સુધા રામાં જરથુશ્ત્રનો હાથ કેટલો હતો, તે બી ના એવી છે, કે જેનો ફૈંસલો કદાચ કદી થ વાનો નથી.

જરથુશ્ત્રનાં તરીકે કેહેવામાં આવતાં લખાણો ઉપરથી બે શક્તિઓવાળા વિચાર ના કર્ત્તા તરીકે તેને લેખવાની જરૂર છે, પણ તેમજ છે કે નહીં તે નકી કરવા માટે જરથુ શ્ત્રના જમાના, જન્મ ભુમી અને જીંદગી વિષે હાલ જે ખબર આપણે ધરાવ્યે છિયે, તે કરતાં વધારે ચોકસ અને વધારે ખાતરી ભરી ખબર આપણને મળવી જોઇયે છે.

કદીમ ઇરાનમાં ઋષિઓના આરાધના.

એશ્યા તથા યુરોપમાં, ગંગા નદીથી આઇસલેંદના કોસ્તા સુધીમાં વસનારી પ્રજાઓના ઘણા મોટા ભાગ વચ્ચેનો નિકટ સંબંધ, ભાષાઓ વચ્ચે સરખામણી ચલાવવાની વિદ્યા મારફતે કાંઇ પણ શક વિના સાબેત કરવામાં આવ્યો, અને આપણાથી જે ઘણાજ દૂરના જમાના વિષે બીજાં કોઇ લખાણોથી સમજ મળી નહીં શકે, તે જમાનામાં તેઓ વચ્ચેનો સંબંધ કેવો હતો, તેની ખબર આ રીતથી ઇતીહાસકર્ત્તાઓ મેળવી શકયા, ત્યારે સ્વભાવીક રીતે એવું અનુમાન કરી શકાય કે, આ સઘળી પ્રજાઓ પ્રથમમાં એકજ પ્રમાણમાં કેળવણી ધરાવતી હતી, તથા તેઓ એકજ ધર્મ પાળતી હતી. અને વધુ શોધ ચલાવતાં આ અટકળોની પુરવારી ઝટ મેળવી શકાઇ હતી. તે ઉપરથી સાબેત થયું કે, આર્ય લોકોની શરૂઆતની ભાષાના વખતમાં કુદરતના પ્રકાશીત, સ્વચ્છ અને સૂર્યના જેવા દેખાવોમાં,

તેઓ ઇશ્વરની હાજરી કબુલ રાખતા હતા. એટલા માટે તેઓ જાંબુરા રંગનાં આકાશ, રસાળ જમીન, ગરમી આપનાર અગ્નિ, પ્રકાશીત દિવસ, સોનેરી રંગની બામદાદ, અને વસંત ઋતુના શરૂઆતના વખતને પોતાના **દેવો** અથવા **પ્રકાશીત ઇશ્વરો**નાં નામથી ઓળખતા હતા, કે જેઓ દિવસ તથા રાતની, તેમજ વખત અને જીંદગીની ગતિ, સૂર્ય તથા ચંદ્રના ચક્રાવાઓના અચળ કાયદાઓથી રાખતા હતા, તથા તેઓજ સાચા અને નીતિના કાયદાને જન્મ આપનારહોવાથી, તેમને પવિત્ર લેખવામાં આવતા હતા.[૧] ઇન્દો-જર્મન પ્રજાના આ પ્રથમ જમાનામાં પણ માણસો કુદરત સાથે નિકટ અને ચાલુ સમાગમમાં રહેતા હતા, અને કુદરતના દેખાવો આગળ તેઓ પોતાની નબલાઇ અને લાચારી જોઇ શકતા હતા. તેઓ તેમને માણસના જેવો આકાર અને રૂપ આપતા, પણ તેમને તેમની કુદરતી અને મનની શકિતના સંબંધમાં માણસો કરતાં ઘણા-

૧. જુઓ સ્પીગલનું આર્ય જમાના વિષેનું પુસ્તક પાનું ૧૨૭-૧૪૨.

જ શ્રેષ્ટ ગણતા હતા. તેઓ રક્ષણ તથા મદદ આપીને તેમજ ઈજા અને નાશ કરીને માણસોની જીંદગીની વચ્ચે આવે છે, એમ માનવામાં આવતું હતું. હિંદુસતાનના સાહિત્યના ઘણાજ અસલી દસ્તાવેજોમાંથી આ જાતનો ધર્મ આપણે શોધી કાહાડી શકુયે છીયે; અને ઈરાનમાં તો તે વધારે સારી રીતે ખીલેલો આપણને મળે છે.[૨] કારણકે વેરાન અને રસાળ જમીનો, ઉછળતાં પાણીના ઝરાઓ અને નદીઓ તથા રેતાળ બીઆબાન, તાજગી આપનારી પહાડી હવા અને માયાળુ ઋતુ, અકળાવી નાખે એવા ઉત્તર તરફના પવન અને બાળી નાખે એવા ઉકલાત વચ્ચેના એટલા બધા તફાવતો ઈરાન દેશમાં મળી આવે છે, કે જેવા દુનીયાના બીજા કોઈ દેશમાં મળતા નથી. કુદરતની શાકિતઓને અપાયલાં આ રૂપો પ્રજાના લોકોના સઘલા વિચારો સાથે એટલો તો નિકટ સંબંધ રાખતાં હતાં કે, એક નવો

૨ જુઓ સ્પીગલનું કદીમ ઈરાની અભ્યાસનું પુસ્તક, ભાગ ૨ જો, પાનું ૯૧ વગેરે, તથા ૧૨૬, ૧૩૬ વગેરે.

અને મુખ્ય બાબતોમાં તદન જુદાજ પ્રકારનો ધર્મ ધરાવવા છતાં, હાલ જમાનાના આર્ય લોકોએ તેમને, હજારો વરસ થવા છતાં, જાળવી રાખ્યા છે. જર્મન કોમની જુદી જુદી પ્રજાઓમાં હાલ પણ, પરોપકારી પરિઓ, દરીઆમાં રેહેનારી દેવીઓ, પહાડોમાં વસનારા ભૂતો, વગેરે વિષેનું યકીન જોવામાં આવે છે. જુદી જુદી પ્રજાઓની મન શક્તિ, તેમના દેશોની કુદરતી હાલત અને તેમની પોતાની કેલવણીનાં પ્રમાણ પ્રમાણે, તેઓમાં ધર્મ સંબંધી વિચારો જુદી જુદી રીતે ખીલવાવા જોઇએ, તે બીના સેહેલથી સમજી શકાશે. ખાસ કરીને આવો મામલો આપણે **અનદિઠ ફરેશ્તાઓ** વિષેનાં યકીનના બાબમાં જોઇએ છીયે, કે જેઓ માણસ જાતનાં કલ્યાણ અને સંકટ માટે ફાલજી ધરાવે છે. પોતાનાં અસલ રેહેઠાણમાંથી મળેલા વારસા દાખલ આ યકીનને જે પ્રજાઓએ બરાબર જાળવી રાખ્યું છે, તેઓમાં પણ—દાખલા તરીકે રોમનો અને ગ્રીકોમાં—તે વિષે મોટા ફેરફાર થયલા જોવામાં આવે છે.

થેલ્સ[૩]ની આયોન્યન ફીલસુફીમાં બ્રહ્મજ્ઞાનને દુનીઆના આત્મા તરીકે, જીનો (*demons*) ને તેની ગતીના કારણ અને પેહેલવાનોને મરણ પામેલા મરદોના ભૂત તરીકે લેખવામાં આવ્યા છે, અને વળી પ્લેતો દુનીઆની વ્યુતપત્તિના પોતાના હેવાલમાં એવું અનુમાન કરે છે કે, દેલ્ફિની ભવીષ્ય વાણી કહેનાર દેવીએ જણાવેલી દેવતાઓની આરાધના ઇશ્વરી શકિતના આ ત્રણ જુદા જુદા પ્રકારો પ્રમાણે કરવી જોઇએ, ત્યારે ગ્રીક દંતકથાના મુખ્ય ઉત્પન્ન કર્ત્તાઓ-હોમર તથા હેઝયદ, આ શકિતઓની હદ અને તેમના અર્થ વિષે વારેઘડીએ આપણને શકમાં નાખે છે. હોમરના દરેક દેવતાને જીન (*demon*) ગણવામાં આવે છે, પણ તે જીનો પોતાની સત્તા દેખાડવાની અથવા ઓલિમ્પિક દેવતાઓથી પોતાને સ્વતંત્ર બતાવવાની હીંમત કરતા નથી. હેઝયદમાં આપણે તેથી ઉલટું જ જોઇએ છીયે. તે આપણને દેવતાઓ અને માણસોની વચ્ચે કાસદો તરીકે કામ કરનારા તમામ પ્રકારના જી-

૩. જુઓ એથેનેગોરાસ.

નો–સંખ્યાબંધ અમર્ગ પ્રાણીઓ વિષે જ- ણાવે છે. માણસજાતનાં કામો તથા હાજતોથી વાકેફગારી ધરાવનારા, માણસજાતનું રક્ષણ તથા ફાયદો કરનારા, હેઝયદના આ જીનો આ તેમજ પેલી દુનીઆ વચ્ચે, હોમરે જ ણાવેલા પેહેલવાનોની પણ લાંબો વખત અ ગાઉ, ઝીયુસના ઠરાવ પછી નાબુદ થયલા એક સોનેરી જમાનાના બાકી રહેલા લોકો મિસાલે તરતા ફરે છે. પાછળા વખતમાં હે ઝયદનો દાખલો પકડીને ઉતરતી પંકતીના દેવતાઓ[૪] તરીકે જીનોની આરાધના થવા માડી હતી, તથા હવામાં રેહેનારા સઘલા ભૂ તો તથા જે કાંઈ ચીજ માણસોને નહીં સમ જ પડે એવી ઈશ્વરી અસર ધરાવનારી લા ગતી હતી, તે જીનોને લગતી ગણાવા માંડી હતી, ત્યારે હવાના જીનો, દેવતાઈ જીનો તથા માણસાઇ જીનો એવા ત્રણ વર્ગો તેમના કરવામાં આવ્યા હતા. માણસના આ જીન (*demon*) ને ગ્રીસદેશમાં કેટલી મોટી અગત લાગુ પાડવામાં

૪. મેકસીમસ તાઇર્યસ ઈશ્વરની સાથે રે હેનારા બીજા વર્ગના દેવતાઓને *theoi deuteroi* કહે છે.

આવતી હતી, તે સૉક્રેટિસના દાખલા ઉપરથી માલમ પડે છે. પણ ગ્રીક લોકોમાં ગણાતો આવેલો માણસનો આ જીન (*demon*) આપણે માટે એટલા માટે વધારે અગતનો છે કે, તે રોમન લોકોમાં વપરાતા *genius* (જીન) સાથે ભાષા શાસ્ત્રના કાયદા પ્રમાણે બરાબર બંધ બેસે છે. એટલું છતાં રોમનોનો *genius* શબ્દ ખુદ ઇટાલીમાંજ ઉત્પંન થયલો છે, અને તે હેઝયદના તથા ગ્રીક દંત કથાના જીનોથી તદન સ્વતંત્ર છે. હેઝયદમાં જણાવેલો જીન કુદરતની એક શકિત જેવો છે, અને તે હવામાં દેખાવ આપે છે, ત્યારે રોમનોના *genius* શબ્દનો પેહેલો અર્થ માણસની જીંદગીનોજ માત્ર થાય છે. *genius* (જીન)શબ્દ *gan* ૫ ધાતુ ઊપરથી નિકળ્યો છે, જે ધાતુ હજી પણ *gigno*, *genitor*, *genialis* શબ્દોમાં જોવામાં આવે છે, અને તે જન્મ આપવાનો અથવા અંદર વાસો કરનારા દેવનો અર્થ ધરાવે છે. તે ઘણોજ નિંકટ સંબંધ બતાવે

---

૫ સંસ્કૃત જન્, અવસ્તા [illegible] પેહેલવા [illegible] અને ફારસિ زدن

છે, અને કવિ વર્જીલનાં લખાણોનો એક જુનો શરેહ કરનાર *genius* નો અર્થ દરેક જગા, દરેક ચીજ અને દરેક પુરૂષમાં રેહેનારી ઇશ્વરિ શકિત કરે છે. [૬] આ અર્થ, જેમાં ચીનોના જીન (*genius*) નો પણ સમાવેસ થવાથી પ્રથમ આપણને અજાએબી પમાડે છે, તે ઘણોજ બોહોલો માલમ પડેછે; પણ તે છતાં જો તેને દરેક માણસ, માણસના જેવું રૂપ ધરાવનાર દરેક ચીજ, અને ખુદ ઇશ્વિર સાથ સંબંધ ધરાવતો ગણવામાં આવે નહીં તો, તેનો અર્થ સંપૂર્ણતાથી સમજી શકાવાનો નથી. બીજા દેવોના જીન વિષે બોલવાનું હાલ તુરત પડતું મેલી માત્ર જુપિતર દેવના જીન[૭] વિષેજ આપણે બોલીશું, કે જે કુટુંબને લગતા દેવો (*Penates*)[૮] માંનો

૬. વર્જીલની કવિતા *Georgic* ૧,૩૦૨ વીષે લખતાં ટીકાકાર સર્વ્યસ જણાવે છે કે, કોઈ પણ જગા, ચીજ અથવા માણસના કુદરતી દેવને અસલી લોકો *genius* (જીન) કહેતા હતા.

૭ લાટીન લેખોમાં, " જુપિતર જીન " એવા શબ્દો મળે છે.

૮ અરનોબ્યસનાં પુસ્તકમાં જુપિતર, ભાગ્યદેવી, જમીન, *Pales* (મેઢાંઓની દેવી)

એક ગણાતો હતો, અને રોમન શબ્દ *Genius* માં ઉત્પંન કરવાની શકિતનો જે અર્થ છે, તે ધાતુ સાધીત શબ્દો, જેવા કે *Dii Geniales* અને "*Lectus Geniales*[10] (નવાં પરણેલાં જોડાંનું બીછાણું) માં દેખાઈ આવે છે.

ના જીનને કુટુંબને લગતા જીન તરીકે ઓળખાવ્યા છે.

૯ પૉલસ ડાયકોનસ પોતાનાં પુસ્તકના ૭૦ માં પાનામાં કહે છે કે: પાણી, જમીન, અગ્નિને તેઓ જીન દેવતા કહેતા હતા, કારણકે તેઓ સઘલી ચીજોનાં તોખમો છે. વળી આ પણામાં ગૃહમંડલની ૧૨ રાસીઓ, સૂર્ય તથા ચંદ્રને દેવતા તરીકે લેખવામાં આવે છે. તેઓ ઉત્પંન કરવાની ઘણી શકિત ધરાવતા હોવાથી, તેમને *geniales* કરી કહેવામાં આવતા હતા.

૧૦. ઇસીદોરસ હીસ્પલ પોતાનાં પુસ્તકમાં જણાવે છે કે: છોકરાં જણીને પેદા કરવાની શકિતને પણ જીન કહેવામાં આવતો હતો, અને તેથી એક નવા ભરથાર માટે બીછાવેલાં બીછાણાંને પણ *geniales* નામથી ઓળખવામાં આવતું હતું. સીસરો પોતાનાં એક લખાણમાં જણાવે છે કે, "તેણીએ લગનના હક

પણ રોમનો એટલામાંજ અટક્યા ન હતા. પાછળા વખતમાં તેઓ *Genius* શબ્દ માણસોનાં મંડલોને [૧૧] લાગુ પાડતા હતા, કારણકે તેઓ એવું માનતા હતા કે, રાજદવારી મંડલીઓ તેમજ દરેક માણસોમાં જુસ્સા ઉત્પંન કરનાર કોઇ દેવ છે; રોમન પ્રજા, લશકર અને શેહેનશાહના પણ જીન ગણવામાં આવતા હતા. રોમનો પોતાના તેમજ પોતાના જીન[૧૨]ના, એટલે કે

ભોગવવાનું જે બીછાણું (*lectus geniales*) બે વરસ અગાઊ તેણીની દીકરી પરણી તે વેળાએ તેણી માટે તૈયાર કર્યું હતું, તે તેણીએ પોતાની દીકરીને હાંકી મેલવા પછી તેજ ઘરમાં પોતાને માટે તૈયાર કરાવ્યું તથા સીંગારાવ્યું હતું.

૧૧. રોમન સીક્કાઓ ઉપર આપણે વારે ઘડીએ *G. P. R.* અક્ષરો વાંચયે છીયે, જેનો અર્થ રોમન પ્રજાનો જીન થાય છે; તે ઉપરાંત "સંસ્થાનોના જીન," "શેહેરી કારોબારના જીન," "લશકરના જીન," "પેદલ લશકરના જીન," "શેહેનશાહના જીન," "નોરોનો જીન," વગેરે મળી આવે છે.

૧૨. હોરેસ કવિ એક ઠેકાણે જણાવે છે કે "હું તમોને જીનના, જમના હાથના અને

પોતાનાં શરીરને ઉત્પંન કરનાર જીનના સોગંદ લેતા હતા, કે જે જુપિતરથી ઉતરી આ વેલો હતો. કયસરના એટલે કે શેહેનશાહના જીન[૧૩]ની આરાધના કરવાથી, તેઓએ ઘણોજ મોટો ભક્તિભાવ કરેલો ગણાતો હતો. આવી જાતનાં યકીનને લીધેજ એક ખુશામતીઆ પણ તીક્ષણ વિચારશક્તિ ધરાવનારા જમાનામાં કયસરો (શેહેનશાહો) ઇશ્વર અવતારના લેખાવા લાગ્યા હતા. માણસના પોતાના જીનનું[૧૪] મૂળ પણ એજ રીતે શો

કુટુંબના જીનોના સોગંદ આપી અરજ કરૂં છું તથા વીનવું છું કે, મને તે પાછું તેની અસલ હાલતમાં મેળવી આપો."

૧૩. વર્જીલ, સ્વેતોન્યસ અને ઉલપયાનસનાં પુસ્તકોમાં જણાવવામાં આવે છે કે, અગર જો કોઈ નાણાંની લેવડદેવડના સંબંધમાં શેહેનશાહના જીનના ખોટા સોગંદ ખાય તો, શેહેનશાહ પોતે તે કરજ અદા કરતો, અને તે ખોટા સોગંદ ખાનારને ડીંગોલાંથી માર મરાવી હાંકી મેલાવતો હતો.

૧૪. સેનસોરીનસ કહે છે કે, "આપણા જીનને આપણી જાતુક સંભાલ લેવા નેમેલો હોય છે, જેથી સેહેજ પણ વખત તે આપણને

ધી શકાશે. ખુદ માણસની અંદર તેનું રક્ષણ કરનારી જે શક્તિ છે, તેને કુટુંબના દેવતા તરીકે ઇટાલીમાં આરાધવામાં આવતી હતી, તથા જન્મગાંઠને દીવસે ભોગ આપવામાં આવતા હતા.[૧૫] માણસ જન્મે તે વેળાએજ તેની સાથે જીન જોડાયલો જેમ માનવામાં આવે છે, તેજ પ્રમાણે તેનાં મરણ પછીની હાલત સાથે પણ તે જોડાયલો રહેલો ગણાય છે. માણસનો રૂહ દુનીઆના રૂહ સાથે પાછો મળી જાય છે, એવો વિચાર રદ કરવા વિના, રોમનો તેમજ અસલી વખતના તમામ લોકોનાં લખાણોમાં એવો અભીપ્રાય ચાલતો જોવામાં આવે છે

છોડી જતો નથી, પણ આપણી માતાનાં ગર્ભસ્થાનમાંથી આપણે આ દુનીયામાં બાહાર આવ્યે છીયે ત્યારથી તે સેવટની ઘડી સુધી આપણી સાથેને સાથેજ રહે છે." સર્વ્યસ કહે છે કે, "તેમને જીન કહેવામાં આવે છે તે ખોટું નથી, કારણકે માણસ જનમે ત્યારથી તેની સંભાળ લેવા અર્થે તેમને મોકલવામાં આવે છે."

૧૫. સૅનસોર્યસ કહે છે કેઃ દર વરસે આપણી જીંદગીને લગતા અગતના પ્રસંગોએ, એટલા માટે, આપણે ભોગો અર્પણ કર્યે છીયે.

કે, માણસનો જીન (રૂહ) તેના શરીર કરતાં વધારે વખત કાહાડે છે. ગુજરેલાં માણસોના જે ભૂતો, માણસની જીંદગીમાં ભાગ લે છે, અથવા જેમને માણસો તરફથી આરાધવામાં આવે છે, તેમને લગતી કથાઓ શરીર ફના થવા છતાં તેમાંનો રૂહ (જીન) હૈયાતી ભોગવે છે, એવા પ્રકારના આ વિચાર ઉપર રચાઇ છે, કે જેમને રોમનો લેરિસ (*Lares*) અથવા મેનિસ (*Manes*) નાં નામથી ઓળખતા હતા.

ઘણી પ્રકારે રોમનોને મલતીજ જીનોની આરાધના કદીમ ઇરાન દેશમાં ચાલતી હતી, અને ત્યાં મારા અભીપ્રાય મુજબ, આ આરાધનાનો કાનુન પુરતો ખીલવવામાં આવ્યો હતો. નીચલા સફાઓમાં એનું ટુંક વર્ણન આપવાની હું કોશેશ કરીશ.

પૂર્વ ઇરાનમાં જીનને [illegible] (ફ્રવષિ) શબ્દથી ઓળખવામાં આવતો હતો; સાસાન્યન લોકોની ભાષા પેહેલવીમાં તેને [illegible], [16] પાજંદમાં [illegible] અથ

૧૬. જુઓ વેસ્ત-હાઊગનો બનાવેલો અર્દાવીરાફ-નામેહ ઇત્યાદીનો શબ્દકોશ, પાનું ૧૦૦.

વા (فرس قدیم) કદીમ ફારસમાં فروهر [૧૭] (ફ્રોહર) અને નવી ફારસિમાં فرور [૧૮] (ફ્રવૅર) કહે છે. એકેમેનિદ લોકોના ખીલા રોકી હરફોના જે જુજ લેખો રહયા છે, તેમાં આ નામ મલતું નથી, પણ આપણે પુરતી સલામતી સાથે કહી શકીશું કે, પશ્ચિમ ઇરાનના લોકો તેને ફ્રવષિ કહેતા હતા, કારણ કે તેમના એક પાદશાહનું નામ ફ્રવરતિસ મળે છે, જેને ગ્રીકો ફ્રઓર્તિસ નામેથી ઓળખે છે. આ શબ્દનો અર્થ રક્ષણ કર્ત્તા [૧૯] થાય છે.

---

૧૭. જુઓ સ્પીગલનું પારસીઓની દંતકથાનું પુસ્તક ભાગ ૨ જો પાનું ૪૧૮.

૧૮. જોકે વુલેર્સે فرور શબ્દ પોતાના કોશમાં દાખલ કર્યો છે, તોપણ મને તે માટે શક છે. મહોમેદનોનાં લખાણમાં તો તે ખરચીત આવેજ નહીં, અને પારસીઓનાં લખાણમાં તો મેં فروهر જ જોયો છે. હું માનું છું કલુકરે આ શબ્દ જોડી કાહાડયો છે, જે આંકવેટીલે જણાવેલા "ફેરૂઅર" ને "ફરવેર" શબ્દથી ઓળખાવે છે.

૧૯. ફ્રવાષ અને ફ્રોહર શબ્દો ફ્રવષિમાંથી કેમ ઉત્પંન થયા, તે ઇરાની ભાષા શાસ્ત્રના

કદીમ ઇરાનીઓ તેમના જીનો વિષે શું વિચાર ધરાવતા હતા, અને કેવી રીતે તેઓ તેમની આરાધના કરતા હતા, તે વિષેની આપણી ખબરોનો આધાર અવસ્તા

કાનુન ઉપરથી પુરતી રીતે સમજ પડે એમ છે, તોપણ ફ્રવષિ શબ્દના ધાતુ માટે ઘણીજ મુશ્કેલી નડે છે. પેહેલી નજરે તે શબ્દયોગી અવ્યય ફ્ર અને ધાતુ વષ કે જેને વક્ષ=ઊગવું, માટે વાપરી શકાય, તે ઉપરથી નીકલેલો લાગે છે. બરનુફ પોતાની "યજ્શ્ને ઉપરની સરેહ" માં એમજ અનુમાન કરે છે. અને તેના અર્થ માટે નેર્યોસંઘ સાથે મળતો થાય છે, જે તેનો અર્થ વૃદ્ધિ કરે છે. બર્નુફ, અજાએબ જેવી રીતે, પોતાનો ધાતુ આ બનાવ ઉપરથી સાબેત થતો માને છે કે, પર્સેપોલીસના સ્થંભો ઉપર મળી આવતો એક ચીતાર, જે એક ફ્રવષિનો આકાર હોય એમ માનવામાં આવે છે, તે રાજાનાં માથાં ઉપર ઊગતો હોય એમ લાગે છે. પણ વળી વષ ધાતુ વત્=બોલવુંનો બીજો આકાર હોઇ શકે; સ્લાતમેન "જૉબ" વીષેની પોતાની સરેહમાં એવો અભિપ્રાય આપે છે; અને જો તેમ હોય તો ફ્રવષિ શબ્દ સંસ્કૃત प्रवक्ति=ઉચ્ચાર કરવો સાથે મળી શકે. પણ આ ખુલાસાને અસલી લખાણોથી કશો ટેકો મળ

ઉપર, મુખ્ય કરી તેના વધુ પાછલા વખત ના ભાગો ઉપર છે; અવસ્તાના સર્વેથી પુરાતમ ભાગમાં—યજશ્નેના બીજા ભાગમાં ફ્રવ

તો નથી એટલુંજ નહીં, પણ ફ્રવષિની જે ખાશ્યત તથા કામો અવસ્તામાંથી આપણને મળે છે, તેની સાથે તેને કશો સંબંધ જણાતો નથી. ધુરિત એમ ધારે છે કે, ફ્રવષિ શબ્દ ફ્ર અને ધાતુ વર્ત ઉપરથી નીકળ્યો છે. આ ધાતુ વર્ત=(સંસ્કૃત) वृत, જેનો અર્થ જંદમાં તેમજ સંસ્કૃતમાં વળ આપવો, ફરવું, ઝડપથી જવું થાય છે, તેને તે વધારે સામાન્ય અર્થ "હોવુ" લાગુ પાડે છે, અને જણાવે છે કે, ફ્રવષિનો અર્થ "આગમચથી હૈયાતી ધરાવતુ" એવો થાય છે, જે અર્થ તેને પ્લેતોના *Idea* ને મલતો લાગે છે, કે જે માણસની હૈયાતીની આગમચથી બનેલા હતા. ઑપર્ત (જેની સાથે હાઉગ મળતો થાય છે) પરસેપોલીસના ખોલારોકી લેખોમાં મળતાં પાદશાહ ફ્રવતિશનાં નામને અને ફ્રવષિને એકજ ગણે છે. ઑપર્તના વિચાર પ્રમાણે એનો અર્થ પોષણ આપનાર અને હાઉગના વિચાર પ્રમાણે રક્ષણ કર્ત્તા થાય છે. હું માનું છું કે, આ શબ્દ "ફ્ર, વર્ત, તિ" ઉપરથી નિકળ્યો છે. "વર્ત"નો અર્થ વેદમાં તેમજ અવસ્તામાં ધાંકવું, રક્ષણ કરવું થાય છે. અવ-

ષિઓ વિષે માત્ર એકજ વખત[૨૦] બોલવામાં આવ્યું છે, અને વન્દિદાદમાં પણ તેમ નું નામ જવલેજ મળે છે; પણ યજશ્નેના ક્રિયાને લગતા ભાગોમાં તેમની આરાધના ઘણીવાર મળે છે. ખોર્દેહ-અવસ્તા (કે જેમાં અહુરમજ્દ, અમેષાસ્પંદો, મિથ્ર તથા બીજા ફરેસ્તાઓની

સ્તાનો "ષ" કદીમ ફાર્સિમાં "ર્ત" ને મલતો હોય છે, જે નીચલા દાખલાઓથી પુરવાર થાય છે: કદીમ ફાર્સિ "અર્ત"=(અવસ્તા) "અષ"=(સંસ્કૃત) "ઋત"; (અવસ્તા) "અમેષ"–(સં૦) "अमृत"; (અ૦) "મષ્ય"=(ક૦ ફા૦) "મર્તિય"=(સં)मर्त्य. એજ પ્રમાણે "ફ્રવષિ"= "ફ્રવર્તિ". (ફ્રવષિઓની બારયત બાબે જુઓ શ્પીગલનો કદીમ ઇરાની અભયાસ ભાગ ૨ જો પાનાં ૯૧-૯૮.)

૨૦ જુઓ યજશ્ને હા ૩૭, ફકરો ૩ જો: [illegible] આ ઉપરથી આપણે ખચીત એવું અનુમાન કાહાડી શકયે કે, ગાથાના કર્ત્તાઓ "ફ્રવષિ" વિષે ખબર ધરાવતા હતા.

વખાણના ગાયણોનો સંગ્રહ આવેલો છે), અને પાર્સિઓની દંતકથાને લગતી ચોપડીઓમાંથી તેમને વિષેની વધારે પુરતી ખબરે મળી શકે છે.

આ લખાણોમાં ફ્રવષિઓને ઘણું કરીને "અશો માણસોની ફ્રવષિઓ"[૨૧] અથવા "અશો માણસોની ભલી, પવિત્ર ફ્રવષિઓ", [૨૨] "જેઓ ભલાં માણસોનાં રક્ષણ માટે જોરાવર અને બળવંત છે," [૨૩]

---

૨૧ જુઓ યજશ્નેહા ૫, ફ૦ ૧૬: [illegible] [illegible]; વીસ્પરદ કરદો ૭ મો ફકરો ૨; કરદો ૧૬ ફકરો ૨; કરદો ૨૧, ફકરો ૧; યજશ્નેહા ૨૬, ફકરો ૧,૩,૬, ૭–૧૧,

૨૨. જુઓ યજશ્નેહા ૧૬ ફકરો ૫ [illegible] [illegible] તેમજ યજશ્નેહા ૬૫, ફકરો ૧૨; યશ્ત ૧૩ મી ફકરો ૧, ઇત્યાદી.

૨૩. જુઓ યજશ્નેનો હા ૪, ફકરો ૬: [illegible] [illegible]

એવાં વિશેષણોથી ઓળખવામાં આવી છે. આ ફ્રવષિઓ કોણ છે? આપણે જે લખાણોનો આધાર પકડ્યો છે, તેઓ તે વિષે ભરૂસા ભરી ખબર આપે છે. પ્રથમમાં તેમને માત્ર મિનોઇ ફરેસ્તાઓ દાખલ આરાધવામાં આવતા હતા, તે દેખીતું છે. અવસ્તાના બે ફકરાઓમાં [24] ફ્રવષિઓને માણસના આત્માના એક ભાગ તરીકે, આત્મા અને શરિરની વચ્ચે રેહેનાર, પણ ખાસ કરી શરીરથી સ્વતંત્ર લેખવામાં આવી છે. [25] વધુ પાછલા વખતની દંતકથાની ચોપડી સદર બુન્દેહેશમાં તેની જોડે આત્મા

[illegible] વીસ્પરદ કરદા ૧૧ ફકરો ૧૫.

૨૪. જુઓ યજશને હા ૫૫, ફકરો ૧, હા ૬૩ ફકરો ૩.

૨૫. જુઓ સ્પીગલની "પારસીઓની દંતકથાની" ચોપડી ભાગ ૨જો પાને ૧૭૨માં આપેલા દીબાચામાં આવેલો સદર બુન્દેહશનો ફકરો: "ફરોહરને માણસોનો ખોરાક બરાબર પાચન થાય અને વધુ ભારી ભાગો બાહાર નાખી દેવામાં તથા દુર કરવામાં આવે તેની સંભાલ લેવાનું કામ સોંપવામાં આવ્યું છે."

ની બીજી શક્તિઓ વિષે જણાવવામાં આવ્યું છે; જેમ કે, જીંદગીનું કૌવત,[૨૬] અંતઃકરન,[૨૭] આત્મા,[૨૮] સુદ્ધી.[૨૯] આ તફાવતો સામાન્ય રીતે અવસ્તા સાથે મળતા થાય છે. જીંદગીનું કૌવત શરીર સાથે નિકટ સંબંધ ધરાવે છે, અને તે જતું રેહેવા માંડે છે એટલે શરીર નાશ પામવા માંડે છે, અને તે વખતે આત્માની બીજી શક્તિઓ શરીર છોડી જાય છેઃ અંતઃકરન સીધું બેહેશ્તમાં જાય છે, પણ આત્મા, સુદ્ધી અને ફ્રવષિ સાથેજ રહી[૩૦] માણસોનાં કામોનો હીસાબ આપે છે, અને તે પ્રમાણે તે બદલો અથવા સજા મેળવે છે.[૩૧] ફ્રવષિ આ રીતે આત્મા

---

૨૬. جان (જાન). ૨૭ اخو (અખો). ૨૮ روان (રવાંન). ૨૯ بوی (બોદી).

૩૦. જુઓ સ્પીગલની ઊપલીજ ચોપડ પાનું ૧૭૩:

"આત્મા, સુદ્ધીઅને ફ્રેરોહર સાથે મળી જાય છે, અને તેમને હીસાબ આપવો પડે છે."

૩૧. જુઓ સ્પીગલની ઊપલીજ ચોપડી:—"જો તેમનું બોલેલું તેમજ કામો ભલાં હોય છે તો તેઓ બેહેશ્તમાં દાખલ થાય છે; પણ જો તેઓએ ખોટું કર્યું, બોલ્યું,

ને લગતો એક અમર્ગ ભાગ છે, અને કયાં મતને દીવસે ઇનસાફ થતાં આત્મા જે બ દલો અથવા સજા પામે છે, તેમાં તે ભાગ પડે છે. પણ ફ્રવષિઓ માત્ર આત્માની અં દરજ રેહેતી નથી. મીનોઇ દુનીઆ ઉત્પંન કરવામાં આવી ત્યારથી તે હૈયાતી ધરાવતી આવી છે, અને ભલા મિનો અહુરમજ઼દની દરેક પેદાએશની માફક અમર્ગ રહે છે. મા ણસનો તે ઈશ્વરી અંશ ધરાવનારો ભાગ

અથવા વિચાર્યું હોય છે, તો તેઓ દોજખમાં જાય છે." આ જાતનો વીભાગ ઘણોખરો અવસ્તામાંથી પણ મળે છે, જે યજ઼શ્નેના ૨૬માં હાના ૫ મા ફકરા ઉપરથી સાબેત થાય છે:

[illegible]

[illegible] યજશને હા ૫૫ ફકરો ૧ [illegible]

છે; તે તમામ જમાનાઓ સુધી હેયાતી ધરાવે છે, પણ થોડોજ વખ્ત માણસનાં શરીર સાથે સંબંધ રાખે છે.

બુન્દેહેશમાં જણાવવા પ્રમાણે, અહુરમજ્દએ તેમને માણસની બુદ્ધિ સાથે ઉત્પંન કરી હતી,[૩૨] અને તેઓ માણસનાં શરીરમાં દાખલ થઇને દ્રુજઓ યાને જુઠું બોલનાર અને ઠગાઈ કરનાર દેવો સાથે લડવા તથા બદીનો નાશ થવા પછી પાછું અમર્ગ થવાનું કે, સ્વર્ગમાંજ રહીને હંમેશગી સુધી બદી સાથે લડયા કરવાનું પસંદ કરે છે, તે વિષે તેમને પૂછવા પછી, આ દુનીઆમાં તેમને મોકલી આપી હતી. ફ્રવષિઓએ થોડો વખત સુધી આ ફાંની દુનીઆમાં દાખલ થવા કબુલ્યું હતું. વળી જે ફ્રવષિઓ દુનીઆમાં રહે છે, તેઓ ઉપરાંત કેટલીક સ્વર્ગમાં રહે છે, જેઓ ભવિષ્યમાં આ દુનીઆમાં આવશે, તથા બીજી કેટલીકો ભલા મરદોનાં રવાંન તરીકે તેમની દુનીઆઇ જીંદગીમાંથી ત્યાં પાછી ફરેલી હોય છે. આ

૩૨ જુઓ બુન્દેહેશ (કુદરતીની) પ્રકરણ ૭ ફકરા ૧૩-૧૫.

ત્રણે પ્રકારની ફ્રવષિઓને વારેઘડયે સાથે આરાધવામાં આવે છે. દાખલા તરીકે, એક કીર્તન [33] નીચે પ્રમાણેનું, મળે છે:–મરણ પામેલા અશો મરદોની, જીવતા અશો મરદોની, અને જેઓ હજી જનમ્યા નથી તેમની પવિત્ર ફ્રવષિઓને અમે વખાણ્યે છીયે. સર્વેથી છેલ્લી લોકકથા "મિનોખિરેદ"માં [34] માણસની નજરે પડતા સઘલા સંખ્ય

૩૩ યજશ્નેનો હા ૨૬; ફકરો ૬: [illegible]

૩૪. જુઓ મિનોખિરેદ, પ્રકરણ ૪૯ ફકરો ૨૩.

બંધ તારાઓને માણસોની ફ્રવષિઓ તરીકે ઓળખાવવામાં આવે છે, જેઓ સ્વર્ગમાંથી તેમને બતાવવામાં આવતા માર્ગ પ્રમાણે આકાશમાં ફરે છે. દેવદરૂજો સામે લડવા માટેના લશ્કર જેવા તેઓ છે, અને મિનોઇ દુનીઆનો બુરા મિનોઓના ધસારા સામે બચાવ કરે છે.

દરેક જીવતું પ્રાણી આ તેમજ પેલી દુનીઆમાં પોતાને માટે એક રક્ષણ કર્ત્તા ધરાવે છે. પેદા કરનાર દુનીઆના સાહેબ અહુરમજદનો પણ અપવાદ હોતો નથી; તેનો ફ્રવષિઓને પણ ઘણીવાર આરાધવામાં[૩૫] આવે છે; વળી તેટલીજ વખત અહુરમજદનાં તખ્તની આસપાસ ભેગા મળેલા અમૅષાસ્પૅન્તો તથા બીજા યજ્ઞની ક્રિયાને લાયકનાઓની[૩૬] ફ્રવષિઓને આરાધવામાં આવે છે. એજ પ્રમાણે વંદી

---

૩૫. વંદિદાદ ફર્ગેરદ ૧૯ ફકરો ૧૪:

[illegible]

[illegible]

[illegible]

૩૬. યજશ્નેનો હા ૨૩, ફકરો ૨ જો; યશ્ત ૧૩ મી ફકરો ૮૨.

દાદમાં જરથુશ્ત્રને અહુરમજદની ફ્રવષિને આરાધવા જણાવી છે, કે જે (અહુરમજદ) નો પવિત્ર કાયદો જીંદગીનું તત્વ છે.[૩૭] વળી એક બીજા ફકરામાં[૩૮] જણાવે છે કે, અહુરમજદની ફ્રવષિને અમે વખાણએ છીયે, કે જેનો આત્મા પવિત્ર કલાંમ છે. રોમનો એજ રીતે જુપિતર અને બીજા દેવતાઓના જીનને આરાધતા હતા. પણ જરથુશ્ત્ર અને તેણે ફેલાવેલી દીન આગમચ થઈ ગયલા ભલા લોકોની ફ્રવષીઓ ઘણી વખત આરાધવામાં આવતી હતી, અને સાધારણ રીતે તેમની જોડે ભણનારના નજદીકના ખેશીઓની તથા પોતાની ફ્રવષીઓને[૩૯] આરાધવામાં આવતી હતી, અને

---

૩૭. ડી હાર્લે એજ પ્રમાણે વંદિદાદ ફર્ગરદ ૧૯ ફકરા ૧૪ ના નીચલા શબ્દોનો તરજુમો કરે છે: [illegible] [illegible]. સ્પીગલ તથા દાર્મેસ્તેતર તેનો અર્થ નીચે પ્રમાણે કરેછે: જેનો આતમા પવિત્ર કલામ છે.

૩૮ યસ્ત ૧૩ મી ફકરો ૮૦.

૩૯ યજશને હા ૧ લો ફકરો ૧૮: [illegible]

ફ્રવષિઓનાં નામથીજ રોમનો પેઠે ઇરાની ઓ સોગંદ લેતા હતા. આ અશો મરદોની તથા હજી જનમનારાઓની ફ્રવષિઓ, જીવ તાંઓની ફ્રવષિઓ કરતાં તેમજ ગુજરેલાં ઓની ફ્રવષિઓ કરતાં વધારે બળવંત હોય છે.[40] આ બીના પણ આપણને રોમનો માં આવતી જીનોની આરાધનાની યાદ આ પે છે, કે જેમાં કુટુંબના વડીલોના જીનો "લેરિસ" (*Lares*) ને, દરેક માણસના પોતાના જીનથી જુદા પાડવામાં આવતા હ તા. ઇરાનમાં પણ "લેરિસ," "મેનિસ" અ ને પેહેલવાનોની આરાધના ચાલેલી આપણે જોઇએ છીયે. કુટુંબ અને ટોળાના વડીલો

[illegible]

જુઓ વળી યજશને નો હા ૨૨ ફકરો ૨૭; હા ૨૩, ફકરો ૪; યશત ૧૩ ફકરો ૧૪૯.

૪૦. જુઓ યશત ૧૩ મી ફકરો ૧૭ મો:

[illegible]

ની ફ્રવષિઓને, તેમનાં કુટુંબ અને ટોળાને તેઓ મદદ અને રક્ષણ આપે એટલા માટે, આરાધવામાં આવતી હતી.[૪૧] આ આરાધના ઘણા પુરાતમ વખતની છે તેની સાબેતી એટલા ઊપરથી મળે છે કે, હીંદુ સાહીત્યના જે જુનામાં જુનાં લખાણો બાકી રહયાં છે, તેમાં પણ તે મળે છે:[૪૨] અસલી હીં

[illegible]

૪૧. યજશને હા ૨૬ ફકરો ૧; યશ્ત ૧૩; મી ફકરા ૧૪૯–૧૫૧; યજશને હા ૨૩, ફકરો ૪, હા ૨૬ ફકરા ૬, ૭, ૯.

૪૨. જુઓ ગાઇગરનું "અસલ ઇરાનમાં પૂર્વ તરફનો સુધારો," પાનું ૨૮૯.

દુઓ એવું માનતા હતા કે, ગુજરેલા વડીલોના આત્મા સ્વર્ગમાં દેવતાઓના સાથી તરીકે રહે છે, અને તેથીજ તેઓ ઋગ્વેદમાં જણાવ્યા પ્રમાણેની[43] અજાએબ જેવી શકિત ધરાવે છે. તેમાં કહે છે કે, તેઓએ આકાશને તારાઓથી સીંગાર્યું છે, રાતને અંધારૂં અને દિવસને રોશની આપી છે, તેઓએ છુપી રોશની મેળવી છે અને સવારનાં ઝઝકલાંની લાલ રોશની ઊત્પંન કરી છે.[44] જીવતાંઓ એજ જાતની બક્ષેસો અને શકિતઓ તેમના વડીલોની નેકીના બદલામાં મળેલી જોવા ઇચ્છતા હતા.

"વળી જે ભલા મરદો પેગમ્બરને નજરે નજર જોવાને, તેના ફ્ત્વાઓ તેનેજ મોહોડેથી સાંભળવાને અને તેનેજ હાથે શિખવાને લાયક થયા હતા, તેમની ઋષિઓ

૪૩. જુઓ ઋગ્વેદ ૧, ૧૬૪, ૩૦; ૧૦, ૧૫, ૨-૬; ૧૦, ૧૬, ૧૧; ૧૦, ૧૫૪, ૩૦; ૬, ૭૫, ૯-૧૦.

૪૪. ઋગ્વેદ ૭, ૧૬, ૪; ૧૦, ૬૮, ૧૧; ૧૦, ૧૫૪, ૫ સતપથ બ્રાહ્મણ ૬, ૫, ૪, ૮; ૧, ૯, ૩, ૧૦.

ખાસ જગા ધરાવે છે. જરથુશ્ત્રના જમાના ના અને તેના પેહેલા સાગેર્દોની આ ફ્રવષિઓછે. તેમની જોડે અહુરમજદની ભક્તિ કરનારા તથા રોશનીના ઈશ્વરના ધર્મ પ્રમાણે ચાલનારા સઘલા લોકોની ફ્રવષિઓને આરાધવામાં આવે છે."[૪૫]

ફ્રવષિઓની ખાશ્યત વર્ણવવાની અમે ઉપર કોશેશ કરી છે, અને હવે સવાલ આ ઉભો થાય છે કે, જુદી જુદી પ્રકારની ફ્રવષિઓ જેમની અસર ભલા મિનોની તમામ પૈદાએશ ઉપરફેલાએ છે,[૪૬] એમ અસલી ઇરાનીઓ માનતા હતા, તેઓ દરેકની કામ લેવાની ખાસ રૂઢી કેવા પ્રકારની હતી? આ બાબત વિષે પણ અવસ્તા આપણને પુરતી ખબર આપે છે.

---

૪૫. જુઓ ગાઇગર, પાનું ૨૯૧. યશ્ત ૧૩મી ફકરો ૧૪૯:- [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

૪૬. યશ્ત ૧૩મી ફકરો ૨જો: ગાઇગર પ્રમાણે બીજો [illegible] કાહાડી નાખીને તેને નીચે પ્રમાણે કવિતાની રાહમાં લાવી શકાશે:-

ચંદ્ર અને તારાઓ આકાશમાં તેમને માટે ઠરાવેલા ગ્રહપથ (Orbit) માં ફરે તેની તેઓ પોતાનાં ખોરેહ તથા નુરથી સંભાલ રાખે છે; હવામાંના વાદલાં તેઓ હાંકી કાહાડે છે, પવન ફુંકાવે છે અને નદીઓને વેહેવારે છે; રસાલ અને ફલ ઊત્પંન કરનારાં ઝાડો તેમનાથીજ તે કામ કરે છે. ઉપયોગી ભારબરદારી જનાવરોની તેઓજ ઉત્તમ રક્ષણ કર્ત્તા છે, જેઓ માણ

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

દાર્મેસ્તેતર આનો અર્થ નીચે પ્રમાણે કરે છે: "તેમનાં ઓરેહ તથા નુરને લીધે, ઓ જરથુસ્ત્ર! પેલું ઊંચે આવેલું પ્રકાશીત અને દુરથી દેખાતું તથા આ આખી દુનીઆની આસપાસ સઘળી તરફથી વીંટલાયલું આકાશ હું નીભાવું છું.

સોની ખુશીથી નોકરી કરે છે, અને રક્ષણ તથા આબાદી તેઓથીજ મેળવાય છે; તમામ દુનીઆ અને આકાશ પણ તેમનેથીજ રક્ષણ પામે છે.[૪૭] દરેક ચીજ તેમનીજ મદદથી પોતાની નેમ પાર ઉતારી શકે છે, તથા પોતાને ઠેકાણે જઈ શકે છે.

તેઓ અહુરમજ્દના સાથીઓ તથા મદદગારો છે, અને તે તેમનાં ખોરેહ તથા નુરને લીધે જમીનનું રક્ષણ કરે છે. પણ તેઓ ઘણો નીકટ સંબંધ માણસો સાથે રાખે છે, જેમને તે ફ્રવષિઓ મિત્રો તથા રક્ષણ કર્ત્તા તરીકે મળેલી હોય છે,[૪૮] જેમનાં શરિરનાં રક્ષણાર્થે, દુનીઆઇ ન્યાંમતોની તેઓ ડહાપણથી વેંહેંચણી કરે છે,[૪૯] તથા બુરા મિનોએ ઉત્પંન કરેલી સઘલી ધાસ્તીઓ તથા કંગાલ્યતપણાંનો અટકાવ

૪૭. યસ્ત ૧૩ ફકરા ૧૬, ૫૭; યસ્ત ૧૩ ફકરા ૧૪, ૫૩; યસ્ત ૧૩ ફકરા ૧૪, ૪૩, ૪૪; યસ્ત ૧૩, ફકરો ૨.

૪૮. યસ્ત ૧૩ ફકરા ૯–૧૨, ૧૫–૧૬.

૪૯. યસ્ત ૧૩ ફકરા ૧૮, ૨૨–૨૪, ૨૭, ૩૦, ૪૦–૪૨, ૫૧–૫૫.

કરે છે.[૫૦] એટલા માટેજ ખેડુતો જ્યારે તેમનાં ખેતરમાંનો પાક વરસાદની તંગીથી નાશ પામતો જોય છે,[૫૧] ત્યારે તેમની આરાધના કરે છે, તથા લડાઇને દરમીયાન રાજાઓ તથા પેહેલવાનો ફત્તેહ મેળવવા માટે તેમની મદદ માગે છે.[૫૨] ત્યારે તેઓ રક્ષણ આપવા આવે છે અને જેઓ તેમને બોલાવે છે તેમનાં હથીઆર અને ટેકો તેઓ થઈ પડે છે.[૫૩] પણ તેમની નેમ કાંઈ માત્ર જેમને તેઓ ટેકો આપવા આવે છે, તેમનાં શરિરનાં કલ્યાણ ઊપરજ ધ્યાન આપવાની હોતી નથી; તેમની મુખ્ય આતુરતા ધમકી આપનારી ધાસ્તીઓમાંથી આત્માને મુક્ત કરવાની હોય છે, અને તેથીજ તેમની જે આરાધના કરવામાં આવે છે, તેમાં તેમને ભલા વિચારો

૫૦. યશ્ત ૧૩ ફકરા ૨૦, ૩૩, ૩૮, ૭૦–૭૨, ૭૮, ૧૩૧, ૧૩૬,–૧૩૮.

૫૧. યશ્ત ૧૩ ફ. ૬૬, ૬૮.

૫૨. યશ્ત ૧૩ ફ. ૧૭, ૩૦, ૩૧, ૩૪, ૩૭–૩૮, ૬૬–૬૭.

૫૩. યશ્ત ૧૩ ફ. ૬૯–૭૨.

અને લાગણીઓ આત્મામાં ઉત્પંન કરવા માટે વિનવવામાં આવે છે, અને તેઓ તે ઉપરથી આત્માને જોઇતું વાજબી અને ફાયદાકારક પોષણ આપે છે.[૫૪] માણસ જ્યારે મરણ પામે છે, ત્યારે તેની ફ્રવષિ તેની તરફથી બચાવ કરવા માટે અહુરમજ્દના તખ્ત આગળ જાય છે.[૫૫] ઈશ્વરના બળવંત મદદગારો તરીકેના ફ્રવષિઓના આવા લાગવગ વિષે ઇરાનીઓ જે વિચાર ધરાવતા હતા તેને લીધે તેઓ ઊંચામાં ઊંચી આરાધનાને લાયક ગણાતો હતી; તેમને માટે ખાસ બંદગી રચાઈ હતી; તેમનું ભજન તથા કીર્ત્તિ ગવાતી હતી; અને ઈશ્વરની પેઠે તેમની પણ યજ્ઞની ક્રિયા થતી હતી.[૫૬] જરથુશ્ત્રનાં ફર્માનો પ્રમાણે ફ્રવષિઓની આ

૫૪. યશ્ત ૧૩ ફ. ૨૫, ૩૦ ૩૬, ૪૨ ૮૮-૯૪.

૫૫. જુનો મિનો ખિરેદ, બાબ ૨ જો ફકરો ૧૧૧ ઇત્યાદી. સ્પીગલનો કદીમ ઇરાની અભ્યાસ ભાગ ૨ જો પાનું ૧૪૯-૧૫૧. ગાઇગરનો "અઓગેમદએચા" ૮-૧૧; યશ્ત ૨૨.

૫૬. જુઓ સ્પીગલના અવસ્તા ભાગ બીજો પાનું ૧૦૧ તથા પાનું ૩૨.

રાધના ઘટતી રીતે કરવાની મોટી અગત છે,[૫૭] કારણ કે તેમનાં બળ અને કામને તેમની આરાધનાથી મજબુતી મળે છે. દર મહીનાને ૧૯ મે દિવસે ઘણું કરીને તેમની આરાધના થતી, પણ તેમનો મુખ્ય તેહેવાર, જમીન પોતાની શ્યાલાની ઊંઘમાંથી, જાગૃત થાય છે અને કુદરતને ગોયા નવી જીંદગી મળે છે, તે વેળાએ પડે છે. તે વેળાએ ફ્રવષિઓ જમીન ઊપર આવે છે, અને દશ રાતો સુધી અહીં રહે છે. ભોજન અને પોશાક સાથની ઘટતી ભેટોથી તેઓ પોતાની આરાધના થવાની વકી રાખે છે.[૫૮] તે ફરજ બજા લાવવા માટે ફ્ર

૫૭. યશ્ત ૧૩ ફ. ૨૧, ૪૯–૫૨, ૭૩.
૫૮. યશ્ત ૧૩ ફ. ૪૯–૫૦

[illegible]

વષિઓનાં માનમાં ખાણાં અપાય છે, તથા ધર્મગુરૂઓ અને ગરીબ લોકોને પોશાકોની ભેટ અપાય છે.[૫૯]

અવસ્તા પ્રમાણે ફ્રવષિઓનું કામ આ જાતનું હતું, અને એજ રીતે પૂર્વ તરફના ઇશિનીઓ તેમની આરાધના કરતા હતા. પશ્ચિમ દશનનાં લખાણોમાં તેમને તેમનાં નામથી ઓળખવામાં આવતી નથી, પણ તે છતાં તેમને ફ્રવષિઓનાં નામથી પીછાણવામાં તથા આરાધવામાં આવતી હતી, એમાં શક નથી. મેસીદોન્યાના રાજા ફીલીપસનાં વખતમાં થઈ ગયલો ઇતીહાસ કર્ત્તા થીઓ

"જેઓ હમએસ્પથમએધનેવખતે મોહોલ્લામાં આવે છે તથા પસાર થાય છે; તેઓ તેમાં દશ રાત પસાર કરે છે અને આ રીતે મદદ મેળવવાની માગણી કરે છે: કોણ અમને વખાણશે? કોણ અમારી આરાધના કરશે? કોણ અમને યાદ કરશે? કોણ અમને દુવા દેશે? કોણ અમને ભોજન તથા પોશાક હાથમાં રાખીને તથા આશીર્વાદાર્થક બંદગી સાથે અમને આવકાર દેશે?" (દાર્મેસ્તેતર). જુઓ ગાઇગર, પાનું ૨૮૮.

૫૯. જુઓ સ્પીગલનો અવસ્તા અભ્યાસ અને પારસીઓની દંત કથા.

પોમ્પસ[૬૦] એક ગ્રીક માટે કહે છે કે, ઇરાનના રાજાની ખુશામદ કરવા માટે, ઇરાની ઊમરાવોના રેવાજ પ્રમાણે, રાજાના જીન માટે, જ્યારે તે ખાવા બેસતો, ત્યારે ખાણાંની એક ટેબલ બીછાવતો હતો. હેરોદોતસના જણાવ્યા પ્રમાણે[૬૧] રાજા કમ્બાઇસીસે મરતી વેળાએ પોતાના બીછાણાં આગલ ભેગાં મળેલાઓને, અને મુખ્ય કરીને તેઓમાંના એકેમેનિદો (હખમનીઓ)ને "બાદશાહી દેવતાઓ"ના સપત આપયા હતા કે, તેઓએ મિદ લોકોના હાથમાં પાદશાહી જવા

૬૦. થીઓપોમ્પસ, ચોપડી ૧૮ મી. એથેનેગોરાસ, ચોપડી ૬ ઠી પાનું ૨૫૨ A. B. C.

૬૧. હેરોદોતસ, ચોપડી ૩ જી ફકરો ૬૫: "ઓ ઇરાનીઓ! મારાં મરણ પછી તમારે શું કરવું, તે બાબેની મારી ખાહેશ મારે તમને જણાવવી જોઇએ–રાજાઓ ઉપર નીગેહબાની રાખનારા દેવતાઓ (રાજાઓની ફ્રવષિઓ) ના સપત તમે સઘલાઓને આપી, તમને સઘલાઓને અને મુખ્ય કરી તમારામાંના જેઓ એકેમેનિદ ઓલાદના છે, તેમને વિનવું છું કે, તમારે આ શેહેનશાહાત મિદ લોકોના હાથમાં જવા દેવું નહીં."

દેવી નહી, તથા તેજ દેવતાઓના સપત લેઈ હિસ્તીયસે જણાવ્યું હતું કે,[૬૨] સાર્દિનીયાને ખંડયું રાજ્ય બનાવવા વિના હું મારો લશ કરી પોશાક કાહાડનાર નથી. તે બીના સાબેત કરે છે કે, પેહેલા ઈરાની રાજાઓના અમલમાં પણ ફ્રવષિઓની આરાધના થતી હતી. પણ આ તેમજ બીજા ફકરાઓ ઉપરથી આપણે જોઇએ છીયે કે, ઈરાનીઓ પોતાનીજ ફ્રવષિને નહીં, પણ તે જોડે પોતાનાં તમામ કુટુંબની, રાજાની, અને તમામ એકેમેનિદ વંશની આરાધના કરતા હતા, કે જે વંશને લગતો દરાયસ રાજા હતો. અને તેથી ઝેનોફ્રોનના જણાવ્યા પ્રમાણે,[૬૩]

૬૨. હેરોદોતસ, ચોપડી ૫ મી, ફકરો ૧૦૬: "પ્રથમમાં આ કરવા પછી, આકાશી દેવતાઓના સપત લઇને હું જણાવું છું કે, આયોન્યામાં જે પોશાક સાથે હું દાખલ થઇશ, તે પોશાક સાર્દીનીયાના મોટા ટાપુને તમારૂં ખંડયું રાજ્ય બનાવવા વિના હું બદલીશ નહી."

૬૩. ઝેનોફોનનો કુરોપીદયા, ચોપડી ૮ મી પ્રકરણ ૭ મું ફકરો ૧૭ મો —એટલા માટે,

વડીલોના અથવા કુટુંબના જે દેવતાઓ ના સપત પોતાના દીકરાઓને પાદશાહ કુરૂસે મરતી વેળાએ આપીને, પોતાનાં મરણ પછી સંપીને ચાલવા ફરમાવ્યું હતું, તે ખચીત ફ્રવષિઓ હતા. એક આખા ટોલાની ફ્રવષિ તે ટોલાના દરેક માણસ ઉપર પણ ટકેદારી રાખતી હતી. અવસ્તામાં[૬૪] તેમજ દરાયસના ખીલારોકી લેખોમાં[૬૫] આખા ટોલાની ફ્રવષિઓને પણ કેટલીક વાર આરાધવામાં આવે છે.

વડીલોનું રક્ષણ કરનારા દેવતાઓનાં નામથી મારા દીકરાઓ, હું તમને સપત આપું છું કે, તમે એક બીજાને, જો તમે મને ખુશી ઉપજે એવું કરવા માગતા હોવો તો, માન આપતા રેહજો. મારી ખાતરી છે કે, તમે એમ તો ધારશો જ નહી કે, માણસ તરીકેની મારો જીંદગી ખતમ કરવા પછી હું મુદ્દલ હૈયાતી ધરાવીશ નહી; કારણ કે તમે અત્યાર સુધી મારા આત્માને દીઠો નથી, પણ તે જે કાંઈ કામ કરતો, તે ઉપરથી તમે તેની હૈયાતી પીછાણી શકતા હતા."

૬૪. યશ્ત ૧૩ મી ફકરાં ૨૧, ૬૬, ૬૮, ૧૫૦, ૧૫૧.

૬૫ જુઓ સ્પીગલના કદીમ ઇરાનના ખીલા રોકી લેખોનો અભ્યાસ, આવૃત્તી ૨ જી પાનુ ૧૦૭ મું.

આપણે જોઇએ છીયે કે, ઇરાનીઓ પોતાની, પોતાનાં કુટુંબની, ટોળાની અને ઓલાદની ફ્રવષિઓને પીછાણતા હતા. આ સઘલી ફ્રવષિઓ ખાનગીમાં તથા જાહેરમાં ચોકસ દરજજેની આરાધના મેલવવાનો હક ધરાવતી હતી, કારણ કે ઇરાનીઓ પોતાનાં માત પીતા માટે જે ઘણું ઊંચું માન ધરાવતા હતા, તેને લીધે એક કુટુંબ અથવા ઓલાદના માણસો વચેની કુદરતી સગાઇને તેઓ ઘણો કીમતી ગણતા હતા. સાલગરેહનો દીવસ [૬૬] અદનાથી આલા સરવે ઇરાંનીઓ મોજમઝામાં ગુજારતા હતા, પણ તેઓ તે

૬૬. હેરોદોતસ, ચોપડી ૧ લી ફકરે ૧૩૩. જુઓ રાલીનસનની હેરોદોતસની તવારીખ, ભાગ ૧ લો પાનુ ૨૧૮ મું: "વરસના સઘલા દિવસોમાં જે દિવસ તેઓ ઘણી ધામધુમથી પસાર કરે છે, તે તેમની સાલગરેહનો છે. તે દિવસે સરેસતા કરતાં ભોજન વધારે પીરસવામાં આવે છે. માતબર ઇરાનીઓ એક બલદ, એક ઘોડા, એક ઊંટ અને એક ઘધેડાને આખાને આખા ભુંજાવે છે, અને તેનું ભોજન કરે છે; ગરીબ વરગના ઇરાનીઓ વધારે નાનાં કદનાં ઢોરોનું ભોજન કરે છે."

દીવસે પોતાની જીંદગીનું રક્ષણ કરનારી તથા કલ્યાણ કરનારી ઋવષિઓની આરાધના કરવા તથા તેમને ભેટો અરપણ કરવાને કદી ચુકતા નહીં હતા. હેરોદોતસ [૬૭] તથા પ્લેતો [૬૮] એક એવા રેવાજની સાબેતી આપે છે કે, જ્યારે એક ગાદી વારેસનો જન્મ થતો, ત્યારે રાજાનું

૬૭. હેરોદોતસ, ચોપડી ૯ મી ફકરો ૧૧૦; રાલીનસનનો તરજુમો ભાગ ૪ થો, પાનું ૩૮૧–૮૨: રાજાઓની સાલગરેહની ખુશાલીમાં દર વરસે અપાતાં બાદશાહી ખાનાંનો વખત-જેને ઇરાની ભાષામાં "તુકત" અને આપણી ભાષામાં "સંપૂર્ણ" કરી કહે છે તે વખત–આવવા સુધી તેણી ઠોભી–અને એજ દિવસે રાજા પોતાનાં માથાંને સીંગારે છે, તથા ઇરાનીઓમાં બક્ષીસો વેંહેંચે છે."

૬૮. પ્લેતો–આલ્સિબાયેદિસ પુસ્તક ૧ લું ફકરો ૧૨૧: "વળી જ્યારે તેનો વડો છોકરો જન્મે છે ત્યારે રાજાના મેહેલમાંનાં સઘલાં લોકોને એક ખાનું અપાય છે, અને તે પછી બીજે વખતે રાજાની સાલગરેહને દિવસે આખાં એશીઆની પ્રજા યજ્ઞની ક્રિયા કરે છે તથા તેને એક ખાનું અપાય છે."

આખું કુટુંબ તે દિવસને તેહેવાર તરીકે પાળતું, પણ જ્યારે તે પોતે રાજા થતો, ત્યારે તેનો સાલગરેહનો દીવસ ગંભીર આરાધનાઓ તેમજ સઘલી પ્રકારની મોજમઝાથી, આખાં એશીયામાં ગુજારવામાં આવતો હતો. પાછળા વખતમાં આર્તાઝર્ક્ષિસની બાહાદુરીથી ઈરાની શેહેનશાહાત પાછું સ્થાપન થયું, ત્યારે પણ આ રેવાજ ભુલી જવાયો ન હતો. સીકન્દરનાં મરણ પછી એશીઆમાંના ગ્રીક રાજાઓની સાલગરેહના દિવસો ઉપર તેમના જીલ્લાઓમાં ધામધુમ કરવામાં આવતી હતી. આ રીતે રાજ્યના વડાઓ તથા પ્રજાનાં સુખની સંભાલ રાખનારાઓને, તેમની વરસગાંઠનો દિવસ ધામધુમથી ગુજારીને પ્રાચીનકાળમાં માન આપવામાં આવતુ હતું. આ પવીત્ર રેવાજ આજ પરયંત ચાલુ રહયો છે, તથા એક વહાલા રાજાની જનમગાંઠ જાહેર ધામધુમથી પસાર કરીને, તથા તેની ક્રવષિને આપણી સરવેથી સરસ દુવા ઇચ્છીને, તથા તેની આરાધના કરીને, આપણે તેની નકલ કર્યે છીયે.

અહુનવઇર્યના અર્થ વિષે ચાલતો મતભેદ-તેના અર્થ કરવા માટે અટકલો નહી કરતાં તથા સંસ્કૃતનો આધાર નહી પકડતાં ખુદ અવસ્તા અને પેહેલવી લખાણોનોજ આધાર પકડવાની જરૂર.

અહુનવઇર્યના ત્રણ સાદા શ્લોકો, સધળાઓનો સંમતી મેળવે એવો અર્થ હજી ધરાવી શકયા નથી, ત્યારે અવસ્તા માટે તરેહવાર મતભેદ ચાલે, તેમાં અજાએબ થવા જેવું કાંઇ નથી. તેના (અહુનવઇર્યના) અર્થ આપણને અનુક્રમે પારસીઓ, આંકેટીલ ઑપર્ત, શ્પીગલ, કાસોવીકસ, યુશ્તિ, રૅાથ અને હાઉગ, તેમજ મારી તરફથી અને તે પછી ગૅલ્દનર તરફથી મળ્યા છે. પણ આ સઘલાઓ પછી રૅાથે *Zeitschr. D. M. G.* માં તે બાબત નવો વધારો કર્યો છે.

આ તરજુમાઓમાંના ધણાખરાઓ વિષે અમને કશું કેહેવું નથી; કારણકે તે હવે નકામા ઠર્યા છે, અથવા અગતની બાબ

તોમાં તેઓ વચ્ચે તફાવત નથી. રૉથે પેહેલી વાર પ્રગટ કરેલા તરજુમાને પણ એકસરખી ચુપકોદીથી પસાર કરી શકાશે; પણ તેણે પોતાના નવા તરજુમામાં બંદગીની મતલબ અને તેના શબ્દોનો અર્થ એટલાં બધાં ફેરવી નાખ્યાં છે કે, તે તરજુમો તેના પેહેલા તરજુમાથી સદનતર જુદો બલકે ઉલટોજ માલમ પડેછે.

રૉથનો તરજુમો સામટી રીતે લેતાં ગૅલ્દનરના તરજુમાના જેવોજ લગભગ હોવાથી, આપણે તે બંનેની ભેગી તપાસ ચલાવીશું. તે સદનતર નવીજ ઢપનોછે. પ્રથમ આપણે અહુનવઇર્યનું અસલ લખાણ શું છે, તે યાદ કરવું જોઇએ. તે નીચે પ્રમાણે છેઃ—

યથા અહૂ વઇર્યો અથા રતુશ્ અષાત્ ચીત્ હચા
વંહેઉશ્ દઝ્દા મનંહો શ્ક્યઓથનનામ અંહેઉશ્ મઝ્દાઈ
ક્ષથ્રૅમચા અહુરાઇ આ યિમ્ દ્રેગ્વોદ્‌બીશ્ દદત્ વાસ્તારૅમ્

ગૅલ્દનર અને રૉથના તરજુમા બાહાર આવ્યા ત્યાં સુધી આ ફકરાની અને મુખ્યકરી તેના શબ્દોની મતલબ વિષે લગભ-

ગ સઘલાઓ મલતા થયલા હતા; માત્ર તે શબ્દોને જુદી રીતે બંધ બેસાડવામાં આવતા હતા, અને તેટલાજ ઊપરથીતેઓ વચ્ચે મતભેદ જોવામાં આવતો હતો. એકલા હાઊગે "અહૂ" નો અર્થ રક્ષણ કરનાર ફરેશતા (ફરોહર) અને "રતુશ" નો અર્થ દીનદારીનો માર્ગ બતાવનાર દસ્તુરનો કર્યો હતો, કે જે (દસ્તુર) ને દરેક દીનદાર જરથોશતીએ પોતાની જીંદગીના ચોકસ પ્રસંગે પોતાને માટે પસંદ કરી રાખવો જોઇએ છે.

"આ યિમ્ દ્રેગ્વોદેબીશ્ દદત્ વાસ્તારૅમ્" શબ્દોજ નહીં દુર કરી શકાય એવી મુશકેલી બતાવતા રહયા હતા, કારણકે તેમાં કર્મ વિભકતીવાળો "યિમ્" કોને લાગુ પડે છે, તે સમજી શકાતું નહીં હતું, સબબ કે લખાણની વળણ ઉપરથી તે શબ્દ કર્ત્તા વિભકતીમાં આવવો જોઇએ એમ લાગતું હતું.

ગૅલ્દનરે પોતાના " અવસ્તાનો અભ્યાસ " નામના પુસ્તકમાં તદન નવાજ પ્રકારના વિચારો દાખલ કર્યા હતા. તેના વિચાર પ્રમાણે " અહૂ " તથા " રતુ " એક

જ પુરૂષ છે, અને તે કોઇજ નહીં પણ જરથુસ્ત્ર છે. " અષ " એટલે ઇનસાફ, બળ; " વંહેઉશ મનંહો" એટલે પાકીજગી; " યિમ " શબ્દ " યો ઇમૅમ્ "ને બદલે અને " વઇર્યો " એટલે સંપૂર્ણતાવાળો, ઉત્તમ થાય છે,–એમ તે માને છે.

આ ખુલાસા પ્રમાણે ઘણોજ સંતોષકારક તરજુમો થાય છે; તેનો ભાવાર્થ સારો નીકલે છે, તે સામે ખચ્ચીત હું કાંઈ વાંધો લેતો નથી. પણ, મેં વારેવાર કરયું છે તેમ, તે અર્થ સારો લાગે છે, તેટલાજ માટે તેને બાહાલ રાખવો વાજબી ગણાય નહીં. તે અર્થ બાહાલ રાખવા આગમચ, તેને વાજબી ઠરાવવા આગમચ, લખાણ સાથે તે બંધ બેસે છે કે નહીં, અને તે કોઇ નહીં દુર કરી શકાય એવી મુશકેલીઓ આપણા માર્ગમાં મેલે છે કે નહીં, તેની તપાસ થવી જોઇએ છે. પણ અહીં આ શરતો પાર ઉતરતી નથી.

આ ઠેકાણે " અહૂ " તથા " રતુશ " શબ્દો જરથુસ્ત્ર માટે વપરાયલા છે, એમ પુરવાર કરવા માટે, ગેલ્ડનર ચોકસ

ફકરાઓ ટાંકે છે, જેમાં એવું જણાવવામાં આવ્યું છે કે, જેમ અહુરમજ્દ મિનોઇ દુનિયાનો "અહૂશ્" તથા "રતુશ્" છે, તેમ જ જરથુશ્ત્ર આ દુનિયાનો "અહૂશ્" તથા "રતુશ્" છે. એમાં વંદિદાદની ફ ર્ગરદ બીજીનો છેલો ફકરો, જેમાં એવું જણાવ્યું છે કે, જરથુશ્ત્રનો છોકરો અને જરથુશ્ત્ર પોતે યિમના "વર"માં "અહૂશ્" તથા રતુશ્" છે તે, તથા યજશ્નેના ૨૯ માહાનો ૬ ઠો ફકરો, જેમાં એમ જણાવ્યું છે કે, હજી આ દુનિયામાં કોઈ "અહૂ" કે "રતુ" નથી, તે ફકરા અમે ઉમેરયે છીયે.

આ સરખામણીથી મો૦ ગેલ્દનરના ખુલાસાને જાણવાજોગ આધાર મળે છે. તે શબ્દોનો છુટો અર્થ એવો થઇ શકે એ ખરી વાત છે; પણ આપણો સવાલ તદન જુદો છે, અને તે આ કે, તે અહીં બંધ બેસે છે કે નહીં? તકરાર બંધ પાડવાની મારી સઘલી ખાહેશ છતાં, કમનસીબે તેના જવાબમાં હા કેહવું મને તદન અશકય લાગે છે. તે વિષેનાં મારાં કારણો નીચે પ્રમાણે છે:—

૧. અહુનવઇર્યમાં એક પણ એવો શબ્દ નથી, કે જે જરથુશ્ત્ર સાથે ખાતરી

ભરેલી રીતે સંબંધ ધરાવતો હોય. અહીં તો માત્ર એટલુંજ કહ્યું છે કે, "જે પ્રમાણે અહૂને પસંદ કરવો (માનવો) તેજ પ્રમાણે રતુને (તેની) પાકીજગીને લીધે." જો મઝ્દયસ્નીધર્મના પેગમ્બરને લગતાં કોઇ કીર્તનના વચલા ભાગમાં આ શ્લોક આવેલો હોય, અને તેમાં પણ જો તેનું નામ કોઇ પણ આકારે રજુ થયલું ન હોવા છતાં, તે તેનેજ માટે છે એમ બારીક તપાસ કરતાં જણાય, તો તે આપણને અજાયબી પમાડવા વગર રહે નહી. પણ અહીં તો તેથી ઉલટું "અહુનવઇર્ય" તદન છુટી બંદગી છે, અને તેમાં જરથુશ્ત્રને ઠોકી બેસાડવા માટે કલ્પના શકિતને તાણી તોડીને લંબાવવી પડે. જો તે બંદગી ધર્મની સ્થાપ્ના કરનાર અને તેના વડા સરદાર તરફ માન અને તાબેદારી બતાવવાનાં ખાસ કારણથી ઉભી કરવામાં આવી હોય તો, જેમ ખરેખર બન્યું છે તેમ, તે બંદગીની મતલબ ભુલી જવાવાના જોખમે, તેમાં તેનુ નામ અથવા તેની ઓળખ આપવાના તદન અખાડા કરવામાં આવે એ શુ બનવા જોગ છે? એમ કદી બનતું નથી અને તે માની શકાય એમ નથી.

૨. તે ખુલાસો એટલો તો તાણી તો ડીને અર્થ આપે છે કે, તે અશક્ય લાગે છે. " જે પ્રમાણે ફલાનો સંપૂર્ણ અહૂ છે તેજ પ્રમાણે તે ઉત્તમ રતુ છે" એમ કહેવા માટે ખુલાસો કરવો કે, "જે પ્રમાણે અહૂ તેજ પ્રમાણે રતુ સંપૂર્ણ છે," તે એવો છે કે જેવો હું ધારૂં છું કે, કોઇએ કદી કર્યો નથી અને કોઈ કરશે પણ નહીં.

૩. અસલ કે હાલ જમાનાના લખાણો માં, પારસીઓની તેમજ અવસ્તાની તવારી ખમાં એક પણ એવો શબ્દ નથી, કે જે આવી જાતની કોઇ પણ કલ્પનાને ટેકો આ પતો હોય. પેહેલવી તરજુમો કરનારાઓ[૧] તેમજ પાછળા જમાનાના મજદયસ્નાનો કાંઈ પણ મત ભેદ કે આંચકી વિના, અહૂનો અ ર્થ અહુરમજદ કરે છે, અને બીજો કાંઈ કર તા નથી. જો ખરી બીના તેથી ઉલટીજ હતે, તો શું અવસ્તા તેમજ સઘળાં પારસી

૧ તરજુમાંમાં તો "અહૂ" શબ્દજ રેહે વા દીધો છે, પણ શરેહ કરતાં તેના ખુલાસા માં "અઊહરમજદ" શબ્દ વાપરયો છે.

લખાણો એકસરખી રીતે ચુપકીદી વાપરી, તેનો દેખીતો ઈનકાર કરતાં રહેતે? નહીં, બેશક નહીં.

૪. પણ વળી આ બાબતમાં ખુદ અવસ્તામાંથી એક સાબેતી મળે છે, અને આ બીના અજાએબ જેવી છે કે, જયાંથી તેનો ખુલાસો ખરેખર મળી શકે, ત્યાંથી તેને શોધવાની કોશેશ કરવાનો વિચાર કરવામાં આવ્યો નથી. ટુંકમાં આ પવિત્ર કેતાબમાં એક પ્રકરણ આવેલું છે, જેની સલાહ લેવાની કોઈ મરજી બતાવે, તો મુશકેલીઓનો સારો ફડચો થઇ શકે એમ છે. આ પ્રકરણ યજશનેનો ૧૯મો હા છે, જેમાં ખુલું જણાવેલું છે કે, મજકુર બંદગીમાં જે અહૂ શબ્દ છે, તે મજદયસ્નાનોનો ઇશ્વર પોતે છે. જુવો તેમાના આ અવસ્તા:-

"યત્ દિમ્ અહૂમ્ચ રતૂમ્ચ અદધાત્ અથા દિમ્ પરચિનસ્તિ યિમ્ અહુરૅમ્-મજદામ્ મનસ્પઓઇર્યએઇબ્યો દામબ્યો."

ગમે તે રીતે આ ફકરામાંના "પરચિનસ્તિ"નો અર્થ કરવામાં આવે, તોપણ અહૂ તેજ અહુરમજદ છે, એમ તો તેમાંથી

ખુલું દીસે છે. જરથુશ્ત્ર વિષે તો માત્ર આ શરેહને છેક છેડે બોલવામાં આવે છે, અને તે માત્ર તેને "દ્રેગ્વોદબ્યો"ની સંફમાં મેળવા માટે અથવા તેમના જેવો તેને બતાવવા માટે છેઃ-

"દ્રેગુબ્યો વાસ્તારૅમ્ ચિનસ્તિ, યથ ઊર્વથૅમ્ જ઼રથુશ્ત્રાઇ"=

જેમ જ઼રથુશ્ત્રને એક મિત્ર તેમજ દૂર્બળોને એક રક્ષણ કર્ત્તા તે આપે છે.

શું કોઇ એમ કહેવાની હીંમત કરશે કે, અવસ્તાની બંદગીનો અર્થ ખુદ અવસ્તાના કર્ત્તાઓ કરતાં ૧૮૮૪ના વરસના લોકો વધારે સારી રીતે જાણે છે? બેચ્ચીત નહીં, કારણ કે એવી જાતનું દોલ ઘાલવું મૂર્ખાઇ ભરેલું ઠરે. જો તકરારમાં કોઇ ખરી બીના ટેકા તરીકે રજુ કરવામાં આવે, તો તે જુદોજ વાત છે, પણ અહીં તો માત્ર એક કલ્પના વિષે લડત ચલાવવામાં આવે છે, અને આમ પણ બની શકે, એમ માત્ર ધારવામાં આવે છે.

વળી કોઇ નિર્જીવ વાકયને લગતો, અથવા કોઈ જથાબંધ લખાણમાંથી કોઇ શબ્દ

ખોવાઇ જવાનો સવાલ હતે તો તે પણ એક જુદીજ વાત થાત; પણ તેથી ઉલટું આ તો મુખ્ય બંદગી છે અને તે મઝદયસ્નની ધર્મના પાયા દાખલ લેખાય છે. તે કલામ તો દુનિયાની આગમચ ઉત્પંન કરવામાં આવ્યો હતો, જમીન ઉપર અજવાળું નાખવા માટે તે આકાશ ઉપરથી નીચે આવ્યો હતો, મઝદયસ્નાનોએ કાંઈ પણ ચુક વગર તેને મોહોડે રાખવો, તથા સઘલા પ્રસંગોએ તે બોલ્યા કરવો જોઇએ છે. અવસ્તાના લખનારાઓ, તેઓ શું કહેવા માંગે છે તથા શું વિચારે છે, તે માટે જે ખુલાસો આપણને આપે છે, તે જો આપણે માન્યે નહીં, અને જો આપણે એમ જાણ્યે કે આપણે તેમના કરતાં વધારે સારૂં જાણ્યે છીયે, તો પછી આપણને તેમનાં અસલ લખાણની પણ શાની દરકાર હોવી જોઇએ? આપણી કલ્પના શકિત જે ધારે તેટલુંજ પુરતું છે.

રૉથ વળી બીજા શ્લોકમાં બે તદન નવીજ બીના દાખલ કરે છે. તેના વિચાર પ્રમાણે "દઝદા" શબ્દ નામ હોઇ શકે નહીં, તે તો ક્રિયાપદનો એક આકાર છે.

વળી તે કહે છે કે, "મજ્દાઇ" કાંઈ "મજ્દાઓ"ની ચોથી વિભક્તી નથી, પણ ક્રિયાપદનો એક બીજો આકાર છે, જેનો અર્થ સમજવું, ધ્યાનમાં લેવું થાય છે. રૉથ જો કે તેનો ખુલાસો કરતો નથી, તો પણ તે જે કહે છે તે ઉપરથી એમ આપણે ધારવું જોઇએ કે, તે "મજ્દાઇ"નો ધાતુ "મનસ" અને "દા" અથવા "ધા" કરે છે. ગૅલ્દનરે તો ઘણી વખ્ત ઇશ્વરનાં નામ તરીકે મજ્દાઓ શબ્દ વાપરયો છે.

"દજ્દા" શબ્દ ક્રિયાવાચક નામ થઇ શકે નહીં, તે બીના તદન ખોટી છે; એ શબ્દ સ્વભાવીક રીતે "દજદ્ર્" શબ્દની કર્ત્તા વીભક્તી છે, જે શબ્દ "દદ્ × તર્" અથવા "દધ્ × તર્" ઉપરથી નીકલ્યો છે. તેનો અર્થ "આપનાર", "અંદર ખાનેની પવીત્રાઇ, અથવા ભલા વિચારની સ્થાપના કરનાર અથવા ચલાવનાર" થાય છે.

"મજદાઈ"ને ક્રિયાપદ ગણવો, ભાષા શાસ્ત્રના કાનુન પ્રમાણે, તદન અશક્ય છે, એમ મેં બીજે ઠેકાણે બતાવ્યું છે.

"મનસ્" શબ્દ બદલાઇને "માંસ" અથવા "માંજ્" થાય છે, પણ તેમાંનો "ન" અક્ષર કદી ખોવાતો નથી, કે જે તેને માટે ઘણો અવશ્યનો છે. સરખાવો "મેંહાઇ, "મેન્દાઇઘાઇ, માંજ્દ્રા, માંશ્ર, માંથ્વ, માંસ્ત, માંસ–વચ્" અને શેવટે ખરૂં ક્રિયાપદ પોતે "માંજ્દા" જે "માંજ્દજ્દૂમ્"માં માં વપરાય છે. આ ઉપરથી ફરીથી એક વાર સાબેત થાય છે કે, આપણે ધાર્યે અથવા કલ્પયે તેજ ખરૂં હોતું નથી. "મજદાઈ" કાંઈ ક્રિયાપદ નથી અને તે "મનસ્" ઉપરથી નીકલી શકે નહીં. તે શબ્દ ચોથી વીભકતીનો સામાન્ય કૃદંત છે, એવા પોતાના વિચારને ટેકો આપવા કારણે, રૉથ વેદમાંથી, તેના વીચાર પ્રમાણે, આ શબ્દ સાથે બંધ બેસ્તા ત્રણ દાખલા રજુ કરે છે. કમનસીબે તેણે આ બીના ધ્યાનમાં લીધી નથી કે, વેદના સઘલા દાખલા તદન જુદાજ છે, અને તે અહીં તેને મુદલ કામ લાગવાના નથી. ટુંકમાં વેદમાં તો ક્રિયાપદની પુંઠે એક ઉપસ્થ કર્મ અને કારણ બતાવનાર સમાન્ય કૃદંત આવે છે; જેમ કે,

घत्त इन्द्रो वज्रं नरि अपाङसि क
र्तवे १. ८५, ९. ઇન્દ્ર પોતાનાં કામો બ-
જાવવા માટે વીજલીનો ઉપયોગ કરે છે.
इन्द्रं राजानं दधिरे सहध्यै= (પવનોએ)
ઇન્દ્રને રાજા ઠરાવ્યો છે, જેથી તે ફત્તેહમંદ
થાય છે. (७. ३१. १२.)

હવે અહીં તો સઘલું ઊલટાજ પ્રકાર-
નું છે; અહીં ઉપસ્થ કર્મ કે કારણસુચક
સામાન્ય કૃદંત મલતું નથી; પણ તેથી ઉલ-
ટું મઝ્દાઇને કૃદંતનામ લેખયે તો તે પોતેજ
ઉપસ્થ કર્મ તરીકે, ૪થી વીભકતીમાં તેને લેવા
કરતાં, વધારે સારો થઈ પડશે. જો આવી જાત
ની સરખામણી કબુલ રાખવામાં આવે તો
પછી છેડોજ કયાં આવશે? એક બીના અ
મને કહેવાની રહી છે, અને તે આ છે કે,
સામા પક્ષવાળાઓનાં જણાવવા પ્રમાણે, ય
ઝ્નેના ૪૦મા હાના ૧ લા ફકરામાં "મ
ઝ્દા" શબ્દ "યાદદાસ્ત" ને અર્થે મળે છે.
પણ તેવો શબ્દ ત્યાં છેજ નહીં અને હોઈ
શકેજ નહીં, કારણકે તે હોય તો તે "મઝ
દા" નહીં પણ "માંઝ્દા" હોવો જોઇએ.

રૅથ "મજ્દાઇ"ને "મજ્દાઑ"ની ચોથી વીભકતી ગણવા ના પાડે છે, કારણ કે તેમ ગણવાથી "વાકય રચણા કઠણ" પડેછે. પણ તે એક કઠણાઈ દુર કરવા માટે બીજી ત્રણ ચાર મુશ્કેલીઓ કબુલ રાખવી પડે છે; જેમ કે, (૧) "મજ્દાઇ"ને ચોથી વીભકતી નું કૃદંત નામ ગણી તે બીજી વીભકતીને બદલે મેલાયલો સમજવો; (૨) છઠ્ઠી વીભ કતીના શબ્દ "અંહેઉશ"ને ચોથી વીભક તીમાં ગણવો; (૩) રૅથ જે શબ્દોનો અર્થ "ભલાં મનનાં કામોને દુનીઆ કને તે યાદ કરાવે છે," એવો કરે છે, તેમનો અર્થ શબ્દોની રચના પ્રમાણે, નીચે પ્રમાણે થ વો જોઇએ:—"ભલાંમનનાં કામોનું દુનીઆનું યાદ કરાવીને." (૪) આખો ફકરો આ રીતે એટલો બધો લુલો થઈ જાય છે કે, તરજુમો આપવા આગમચ આપણને નીચે પ્રમાણે ચેતવણી આપવાની રૅથને ફરજ પડી છે:—આ શ્લોકનો રચનાર કોઈ પણ રીતે ભા ષા ઉપર સારો કાબુ ધરાવતો નથી.

નવા તરજુમાઓથી અવસ્તા અક્કલ ને વધારે અનુસરતા અને વધારે કવિતારૂપી

થાય છે કે નહીં તે વિષે અમે લાંબો વખત થયો વિચાર કરયો છે, પણ અમને તેમ લાગતું નથી. કારણકે તેની મારફતે કાંઈપણ જરૂર વિના મનઃદયસ્નાનોની માનીતી બંદગીને બેદોલ કરવામાં આવે છે. બીજા હાથ ઉપર અસલથી ચાલતો આવેલો તરજુમો ઉત્તમ ભાવાર્થ આપવા ઉપરાંત કાંઈપણ ઠપકો નહીં મેળવી શકે એવું સરસ ભાષણ તેને બનાવે છે, એમ તપાસ કરતાં માલમ પડશે.

પણ તે આગમચ અમે નોંધ કરવા માગ્યે છીયે કે, "મનઃદાઇ"ને અસલ નામ તરીકે ગણતાં અટકવાની ફરજ પાડે એવી મુશ્કેલી કોઈપણ આકારે હૈયાતી ધરાવતી નથી; એ શબ્દ એજ આકારમાં ઘણોજ વપરાય છે. "અંહેઉશ મનઃદાઇ" જેવા આકાર ફરેંચમાં તેમજ સંસ્કૃતમાં સાધારણ છે; તેમાં છઠ્ઠી અને ચોથી વીભકતી એક બીજાને બદલે વપરાય છે; જેમકે ફરેંચ c'est mon bien à moi; અને સંસ્કૃત સ્ત્ર્યૌ પયઃ

પેહેલા ભાગની તકરાર છોડી જવા આગમચ અમે નોંધ કરવા માગ્યે છીયે કે,

(૧) "અહુ"ને કર્ત્તા વીભકતીમાં લે-વાથી તેનો ખોલાસો હંમેશ સગવડ ભરેલો થઇ શકતો નથી; પણ જો તેને કર્મણી વિભ-કતીમાં લેવામાં આવે તો તેનો ખુલાસો ક-રવામાં સેહેલાઇ મલે છે; પેહેલવી તરજુ-માવાળા પણ તેને એજ વીભકતીમાં લે છે. "અહૂ વઇર્યો"નો અર્થ તેઓ "ઇશ્વરથી પ-સંદ કરાયલો" કરે છે.

(૨) "અષ" શબ્દ શબ્દોના અવાજના કાનુન પ્રમાણે ऋत સાથે મળે છે, પણ અર્થમાં તે બંધબેસતો નથી. તે વિષેની પુર-તી સાબેતી મારા "જરથોશ્તી ધર્મની ઉત્પ-ત્તી" નામનાં પુસ્તકમાં પાંને ૭૪ માં મેં આપી છે. અર્થ સમજવા માટે કાંઈ સંસ્કૃત ભોમ્યો નથી, તે બીના નકી થઈ ચુકી છે. (જુઓ મારી ચોપડી "De l' Exegese et de la cerrection des textes avesti-ques પાનું ૧૮ ફકરો ૧૦૭, ઇત્યાદી.) પણ વળી તેની સાબેતી આ ફકરામાંથીજ જેવી મળે છે, તેના કરતાં વધારે સરસ કદી મલશે નહીં; કારણ કોઇ પણ શખ્સ "અહ,"

"રતુશ્" અને "હચા" શબ્દો સંસ્કૃતના असु, ऋतु અને सच છે, એમ કેહેવાની હીમત કરશે નહીં. "અષ"ના બાબમાં પણ એમજ છે, કે જેનો અર્થ જરથોસ્તી ધર્મમાં જણાવેલી પાકીજગીનો થાય છે.

હું એક બીના મારા સંબંધમાં અત્રે જણાવવાની રજા માગું છું. મો. લાંદનરે "Centralblatt"માં મારાં l'Exegese નું વીવેચન કરયું છે, જે ઉપરથી જણાય છે કે, તેણે તે બરાબરવાંચયું નથી. તે બીજી બીનાઓ ઊપરાંત જણાવેછે કે, "બંને (જંદ અને સંસ્કૃત) ભાષાઓ વચેનાં મલતાપણાંને હું ગણત્રીમાં લેતો નથી, અને માત્ર તેઓ વચેના તફાવતનેજ ધ્યાનમાં લેવું છું." એના કરતાં વધારે ખોટું બીજુ કાંઇ હોય નહીં. મારી ચોપડીમાં એક નાકેથી બીજે નાકે સુધી હું આ મલતાપણું બતાવતો રહયો છું-પણ હું એટલુંજ કહું છું કે, તે મ,લતાપણાંનેજ ભોમ્યા તરીકે લેખાય નહીં, અને તેની સાબેતી આપવા માટે તેઓ વચે કેટલા બધા તફાવત છે, તે હું દેખાડું છું. તે ચોપડીમાં મારૂં કામ એજ હતું, અને ન

હીં કે મલતાપણુંજ બતાવવું, કે જેનો કેટ લાકો ખોટો ઉપયોગ કરે છે.

હવે આપણે છેલ્લા શ્લોક ઉપર જઇએ. પ્રથમ આપણે "ક્ષથ્રેમ્ચા અહુરાઇઆ" શબ્દો લેઇએ. મો૦ રૉથનો એવો અભીપ્રાય છે કે, આ શબ્દો આગલા શ્લોકમાં જણાવેલી બીનાની સામે છે. તેના વીચાર પ્રમાણે કર્ત્તા જરથોશતીઓને ચેતાવે છે કે, જોકે જરથુશ્ત્રને "અહૂ" તથા "રતુ"ની પદવી મલી છે, તોપણ કમનસીબે હકુમત તો અહુરમજદજ ભોગવે છે. ઉપલા શબ્દોનો અર્થ તે આ પ્રમાણે કરે છે: "પણ હકુમત તો અહુરમજદ પાસેજ રહે છે." વળી તે "યિમ" ને બદલે "યો ઇમેમ" વાંચવા માગે છે.

પણ આ સઘલું કબુલ રાખી શકાય નહી. તેનાં કારણો નીચે પ્રમાણે છે:

(૧) મજદયસ્નાનોને જે પ્રકારની ચેતવણી આપવામાં આવે છે, તે લગભગ દેહકાણીને સમજાવવા જેવી લાગે છે. જરથુશ્ત્ર જેને યજશ્નેના ૨૯મા હામાં "નરૅ અસૂરે" ના એલકાબથી ઓળખેલો છે, તેની સત્તા કોઇ પણ ચીજ ઉત્પન્ન કરી શકનાર

ઇશ્વરની સત્તાનો નાશ કરતો નથી, એવી ખબર હંમેશ મેળવ્યા જવાની કયા જરથો શ્તીને જરૂર હતી? "ચા" નો અર્થ "પણ" કરવો અને "છે" ક્રિયાપદને બદલે "રહે છે" લેવો, કશાથી વાજબી ઠરતો નથી.

૨. "ચિમ્" ને "યો ઇમેમ્" લેવો વ્યાકરણના કાયદાથી ઉલટું છે. "ચિમ્" શબ્દ "હો ચિમ્" અથવા "હો" નાં કોઇ રૂપાંતરમાં બદલાઈ શકે, પણ "યો ઇમેમ્" થઈ શકે નહીં; સંબંધી સર્વનામ આગમ તરીકે વપરાય નહીં.

"ચિમ્" શબ્દ અત્યાર સુધી મુશકેલી આપનારો રેહેતો આવ્યો છે, તેનું કારણ ઘણું સેહેલું છે. તે આ કે, શબ્દયોગી અવ્યય "આ" ને લોકો તેની આગમચના શબ્દ સાથે સંબંધમાં લે છે, તો જોકે તે તેની પાછલના શબ્દ "ચિમ્" સાથે વધારે સારી રીતે બંધ બેસે છે. પણ કોઈ પુછશે કે, "આ" શબ્દને તેની પાછલના શબ્દ સાથે સંબંધમાં લેઈ શકાય કે? હા, કાંઈ પણ શક વિના. તેવા દાખલા પુષકળ મળે છે. તેમાંના કેટલાક નીચે આપ્યા છે:–

વંદીદાદ ફરગરદ ૩ ફકરો ૧૨૦ "આ તત્ વએષ્ષો, આ તત્ અચિશ્તॅમ્ અહૂમ્"; ફરગરદ ૨ ફકરો ૪૩ "આ તત હંજમનॅમ્ પઇતિ જસત્;" ફરગરદ ૮ ફકરો ૪૨ તથા ૧૦ ફકરો ૯ "આ શ્રિતીમ્ આ દિખ્તીમ્ આ ખ્તૂઇરીમ્"; યજશ્ને હા ૧૯ ફકરો ૧૧ "ફ્રા ઉર્વાનॅમ્ પારયેનિ આ વહિશ્તાત્ અંહ ઓત આ વહિશ્તાત્અષાત્, આ વહિશ્તએઇબ્યો રઓચેબ્યો;" હા ૪૨ ફકરો ૯ "અત્ આ થ્વા માઇ આશ્રે.......મઇન્યાઇ......."; હા ૩૦ ફકરો ૨ "આ વૅરૅનાઓ વીચિથહ્યા"; ફકરો ૧૦ "અત્ અચિશ્તા યઓજૅંતે આ હુશિતે, ઇશ્ વંહેઉશ્ મનંહો;" હા ૩૪ ફકરો ૩ "અત્ તોઇ... દામા ગએથાઓ વીસ્પાઓ આ ક્ષથ્રોઇ." કેટલીકવાર ક્રિયાપદની પુંઠે તે આવે છે; જેમ કે, "જંતુ આ અઇર્યમા ઇબ્યો વીસ્પॅમ્ યસ્કॅમ્." બીજા એવા ઘણા દાખલા આપી શકાશે.

અહીં ખરા વાકયની રચના ઘણીજ સેહેલી છે: "આ ચિમ્=આ તॅમ્ ચિમ્" છે, અને તે ઉપરથી "ક્ષથ્રॅમ્ અહુરાઈ"નો ખરો

ભાવાર્થ આપણને મળે છે. પણ રસ્તો સા
રી રીતે સાફ કરવા માટે હજી એક બીના ખુ
લી કરવાની જરૂર છે.

અહુરનો અર્થ શું અહીં "પાદશાહ,
સરદાર" થતો નથી, કે જેમ તે યશ્ત ૫ મી
ફકરા ૮૫ અને યશ્ત ૧૪ મી ફકરા ૩૯
વગેરેમાં થાય છે? આ અર્થ લેવાથી એકજ
ફટકે સઘલી મુશ્કેલી દુર થાય છે, અને ૫
છીનો અર્થ નીચે પ્રમાણે રહે છે:

(આ દુનીઆ ઉપરની) સત્તા તે પાદશા
હને લગતી છે, કે જેને મજ્દએ (જુઓ શ્લોક
૨ જો) ગરીબ, નાચાર લોકોનો રક્ષણ કર્ત્તા
ઠરાવ્યો છે.

આ અર્થ વધારે સારો થશે; પણ તે
માં એક દુર નહીં કરી શકાય એવી મુશ્કેલી
છે. અવસ્તા પોતે આપણને અહીં કહે છે
કે, અહીં ખરેખરો સવાલ દુનીયાના સરદા
રનો નહીં પણ ઇશ્વર અહુર માટેનો છે.
ટુંકમાં યજશ્નેના ૧૯માં હાના ૩૫મા ફકરા
માંજણાવવામાંઆવે છે કે, "ક્ષથ્રૅમ્ અહુરાઇ
ચિનસ્તિ તત્ મજ્દત્વ ક્ષથ્રૅમ્"=તે સત્તા અ
હુરની ગણે છે, એટલે કે, ઓ મજ્દ! સ

ત્તા તારી છે. બેશક અવસ્તાના લખનારાઓ આ બીના આપણા કરતાં વધારે સારી રીતે જાણતા હોવા જોઇએ.

પણ તે મુશ્કેલી દુર કરવાનો બીજો એક ઉપાય છે, અને તે અસલ લખાણ ઉપરથી આપણને મળે છે. "ક્ષથ્રૅમ્ અહુરાઇ" "અંહેઉશ્ મજ઼્દાઇ"ના જેવોજ આકાર છે, એટલે કે તેનો અર્થ અહુરની અથવા અહુરને લગતી સત્તા થાય છે; સંસ્કૃતમાં સ્ત્રૈયોનો અર્થ સ્ત્રીનું દુધ થાયછે.

ઉપલી સઘલી તકરારનાં પરીણામ તરીકે આપણને અહુનવઇર્યનો તરજુમો નીચે પ્રમાણે મળે છે:

દીનનો સરદાર (રતુ) જેમ શ્રેષ્ઠ સાહેબ (અહૂ)થી પસંદ કરાયલો છે, તેજ પ્રમાણે તે પવિત્રાઇના કાયદાથી, ભલા વીચારો તથા મજ઼્દની દુનયાનાં કામોની ગોઠવણ કરનાર તરીકે (મુકરર થયલો) છે. અને અહુરની સતા તેને લગતી છે (અથવા તે ધરાવે છે), જેને તેણે નાચારોના રક્ષણ કર્તા દાખલ મુકરર કર્યો છે.

આ અર્થ પ્રમાણે સઘલો ખુલાસો સંપૂર્ણતા સાથે બંધબેસ્તો થાય છે. આ ઠેકાણે માત્ર એકજ બીનાનો સવાલ છે: તે સવાલ દસ્તુરો અથવા રતુઓની સત્તાને લગતો છે, કે જેમને વિષે વંદીદાદ ફર્ગરદ ૫ મી ફકરો ૭૮, ફર્ગરદ ૭ મી ફકરો ૧૮૦, ફર્ગરદ ૮ મી ફકરો ૩૦ અને આફ્રીગાન ૧ લું ફકરા ૫ અને ૭ માં જણાવ્યું છે કે, તેઓ ગુનાહોની માફી બક્ષી અથવા તે માટે સજા ફરમાવી શકે, તથા જેમને માટે સદરમાં જણાવે છે કે, દસ્તુરનો અવાજ તે ઈશ્વરના અવાજ બરાબર છે.

ઉપલાંનો ભાવાર્થ આ પ્રમાણે છે: રતુશ અથવા દસ્તુરને ઈશ્વરે નેમેલો હોય છે, તે સઘલો ધર્મ જાણનારો હોય છે, તથા નેક વિચારો અને ધર્મનાં કામો ઊપર તે સઘલો કાબુ રાખનારો છે. સત્તા તેને અહુરથી મલેલી છે, કે જેણે તેને દીનદાર લોકોનો સરદાર અને ભરવાડ તથા નાચારોનો રક્ષણ કર્ત્તા ઠરાવ્યો છે.

બેશક આ ખુલાસા કરતાં વધારે સંતોષકારક અને વધારે સ્વભાવીક બીજું કાંઇ

હોય નહીં, અને આ બંદગીનો લખનાર કાંઇ કેટલાકો ધારે છે તેમ દેહેકાની નથી.

જરથોશ્તી આથ્રવનો આ બંદગીને શા માટે ઘણી ચહડાવવા માગતા હતા તથા દીનદારો પાસે તે ઘડી ઘડી બોલાવતા હતા, તે સમજવું સેહેલ છે. જરથુશ્ત્ર માટે તેઓ મોટી આતુરતા ધરાવતા ન હતા; તેઓ પોતાની સત્તા વધારવાની મતલબ રાખતા હતા.

હવે એક ઘણી અગતની બીના તપાસવાની બાકી રહી છે. યજશ્નેના ૧૯ મા હાના લખનારે જે અહુનવઇર્ય વિષે શરેહ કરી છે, તેજ અહુનવઇર્ય આપણે હાલ ધારાવ્યે છીયે કે? શું અહુનવઇર્યનું લખાણ એકસરખુંજ છે કે? એમ માનવાને કારણ છે કે, અસલ લખાણમાં હાલ આપણે જે લખાણ ધરાવ્યે છીયે તે એમનું એમ હતું, એટલુંજ નહીં પણ તેમાં કેટલાક શબ્દો વધારે હતા. તે શબ્દો અસલ લખાણમાંથી જતા રહ્યા છે, એમ અમે માન્યે છીયે. તેનાં કારણો નીચે પ્રમાણે છે:

૧. યજશ્નેના ૧૯ મા હામાં જણાવવામાં આવે છે કે, અહુનવઇર્યના પાંચ

ભાગ "પંચ ત્કએષ" હતા. "ત્કએષ" નો અર્થ ગમે તે થતો હોય, તોપણ આટલું તો તે ઉપરથી ખુલ્લું દીસે છે કે, તે કોઇ છુટા વીભાગો બતાવે છે. ૨૦ મા હામાં અર્ષમ્ વોહૂના ત્રણ "ત્કએષ" જણાવ્યા છે, અને તે ખરેખર ત્રણ છુટા ભાગ ધરાવેછેઃ (૧) અર્ષમ્વોહૂ વહિશ્તૅમ્ અસ્તી; (૨) ઉશ્તા અસ્તી ઉશ્તા અહ્માઇ; (૩) હ્યત અષાઈ વહિશ્તાઈ અર્ષમ્.

વળી ૧૯ મા હાના ૧૩ મા ફકરામાં અહુનવઇર્યના બીજા, ત્રિજા, ચોથા અને પાંચમા ભાગો વિષેજ બોલવામાં આવે છે અને તેથી વધુ ભાગ જણાવવામાં આવતા નથી.

હવે, અહુનવઇર્યનું જે લખાણ હાલ આપણે ધરાવ્યે છીયે તેને આવી જાતના પાંચ ભાગોમાં વેંહેંચી શકાય એમ નથી.

૨. ૧૯ મા હાના ૪ થા તથા ૨૮-૩૬ મા ફકરાઓમાં દરેક શરેહ આગમચ અસલ લખાણના ફકરા (અધુરા) ટાંકવામાં આવેલા છે, અને એવી રીતે ટાંકેલા ફકરાઓમાં કેટલાક શબ્દો એવા મલે છે, કે જે આપણાં અ

સલ લખાણમાં જોવામાં આવતા નથી. તે ટાં કેલા ફકરા નીચે પ્રમાણે છે: ૧ લો તકએષ: "અહૂ" અને "રતુશ;" ૨જો, "વીસ્પનાં મ્ મજિશ્તો;" ૩ જો, "મજદાઓ હુજીતીશ્ વંહવીશ્;" ૪ થો, "દજદા મનંહો શ્કયઓ થનનાંમ્"; ૫મો, "ક્ષથ્રૅમ્ અહુરાઈ દ્રેગુબ્યો વાસ્તારૅમ્." આ પાંચ વિભાગો દેખાડનારા શબ્દોમાંથી રજા તથા ૩જા તકએષઓના શબ્દો જતા રહ્યા છે: "વીસ્પનાંમ્ મજિશ્તો— મજદાઑ હુજીતીશ્ વંહવીશ્." આ રીત અહુન વઈર્યની બંદગીમાંથી કોઇને હાથે બે શ્લોક જતા રહ્યા છે.

શેવટે મજદયસ્નાનો પોતે આ બંદગીનો અર્થ શું સમજતા હતા, તે ૪૦૦ વરસ અગાઉ થઇ ગયલા નેર્યોસંગ (દસ્તુર) પાસેનાં એક લખાણ ઉપરથી નીચે પ્રમાણે માલમ પડે છે:—"જેમ તે સેંટ સાહેબની ઇચ્છા છે, તેમ ભલી દીનના તરીકા મુજબની તે સત્તા છે, જે ભલાં મન અને અહુરમજદની દુનીયામાં થતાં કામોની ગોઠવણ કરે છે. અહુરમજદથી આવતી સત્તા તે ધરાવે છે, કે જેને તેણે નાચારોનો રક્ષણ કર્ત્તા નેમ્યો છે."

મજદયસ્નાનો ૧,૮૦૦ વરસ થયાં એમજ ધારતા આવ્યા છે, અને તેમના ધર્મની સર્વેથી અગતની બંદગી જે તેમને દરરોજ ભણવાનો ફરજ છે, તેનો અર્થ તેઓ ભુલી ગયા હોય એ થોડુંજ સંભવીત છે. વળી આ ખુલાસો દરેક પ્રકારની ટીકા ખમી શકે એવો અને ભાષાશાસ્ત્રના કાનુન પ્રમાણેનો છે, તે બીના શું તેને માટે પુરતી જામીનગીરી નથી. ?

રૉથ પોતાનાં લખાણની શેવટે પોતાના આગલા તરજુમાને સદનતર રદ કરે છે, પણ તેજ વેલા કહે છે કે “ આ નવો ખુલાસો સર્વેથી સરસ છે એમ હું કહેતો નથી, તથા હાલ હું કેવી હાલતમાં ઉભો છું, તે માટે હું ચોકસ નથી.” તેના વીચાર પ્રમાણે તો આપણે ખરા માર્ગ ઉપર આવવા માટે તદન ઉલટા માર્ગે જવું જોઇયે છે.

હું તો, ખાતરી ભરેલે પગલે, અને દરેક પગલે ખાતરી ભરેલો ટેકો મેળવી ચાલનારાઓની પુંઠે જવાનું ઘણુંજ પસંદ કરૂં છું, કે જેઓ ખેંચીતાણીને કોઈ અગતનું અજવાલું પાડતા નથી, પણ જેઓ ૧૦ અ

ને ૨૦ વરસે આશા વિનાના થઇને, આગ
લ પોતે જે કહેલું તેમાંની એક લાઇન પણ
ફેરવવાની જરૂર જોતા નથી. ખેંચી તાણીને
કરેલી અટકલો ભપકાભરી હોય છે, પણ તે
ઓ વિદ્યાના વધારા સામે ખરી ધાસ્તી થઈ
પડે છે; મનની આસપાસ તે વીંટલાયા કરે
છે, અને સચ્ચાઇને તેની જગા મેળવતાં
લાંબો વખત નીકલી જાય છે.

L.H.

MAR 10 1975

7 DAY USE
RETURN TO

ANTHROPOLOGY LIBRARY

This publication is due on the LAST DATE
and HOUR stamped below.

JUN 25 2002

RB17–30m–10,'73
(R3381s10)4188—A-32

General Library
University of California
Berkeley

548469

UNIVERSITY OF CALIFORNIA LIBRARY